# ફેબ્રુઆરી ૨૦૧૫

# Most IMP Current Affairs




**Useful For....**
**UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams**

www.crackgpsc.com

Crack GPSC™

www.crackgpsc.com

# ફેબ્રુઆરી ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material




www.crackgpsc.com

# Most Imp Current Affairs – February 2015

## ➢ 1st week

- સરકારે મહારત્નના દરજ્જાવાળી કોલ ઈન્ડિયા લિમિટેડમાંની પોતાની 10% ભાગીદારી વેચી CILમાં સરકારની ભાગીદારી ઘટીને 79.65% થઈ ગઈ.
- સેર્ગિયો મેટ્ટારેલા ઇટાલીના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. તેઓ સિસલી(ઇટાલી)ની બંધારણીય કોર્ટના ન્યાયાધીશ હતા. મેટ્ટારેલાએ જ્યોર્જિઓ નેપોલિતાનું સ્થાન લીધું, જે તેમની વધુ ઉંમરના કારણે રાષ્ટ્રપતિ પદથી હટી ગયા.
- 7મા જયપુર ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં બોલીવુડ અભિનેતા દિલીપકુમારને 'લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા. જયપુર ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (JIFF)નો પ્રથમ 'ઇન્ટરનેશનલ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ' ઇરાનના ફિલ્મ નિર્માતા માજીદ માજીદીને આપવામાં આવ્યો.
- વર્ષ 2015ની ઑસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં પૂર્ણ થઇ. નોવાક જોકોવિકે બ્રિટનના એન્ડી મુરેને હરાવી પુરુષ એકલનો ખિતાબ અને સેરેના વિલિયમ્સે મારિયા શારાપોવાને હરાવીને મહિલા એકલનો ખિતાબ જીત્યો. અમેરિકાની બૈથાની માટેક સેન્ડ્સ અને ચેક ગણરાજ્યની લૂસી સફારોવાની જોડીએ મહિલા યુગલનો, ઇટાલીના સિમોને બોલેલી અને ફાબિયો ફોગિનીની જોડીએ પુરુષ યુગલનો ખિતાબ જીત્યો. ભારતના લિએન્ડર પેસ અને સ્વિટ્ઝર્લેન્ડની માર્ટિના હિંગિસની જોડીએ ઑસ્ટ્રેલિયન ઓપન ટેનિસના મિશ્ર યુગલનો ખિતાબ જીત્યો.



- હિન્દી નવલકથાકાર મિથિલેશ્વરને વર્ષ 2014નું 'શ્રીલાલ શુક્લ સ્મૃતિ ઇફકો સાહિત્ય સન્માન' આપવામાં આવ્યું.
- ઑસ્ટ્રેલિયાએ દક્ષિણ કોરિયાને હરાવી એશિયા ફૂટબૉલ કપનો ખિતાબ પ્રથમ વખત જીત્યો. ઑસ્ટ્રેલિયા એશિયન ફૂટબૉલ કન્ફેડરેશન (AFC) નું વર્ષ 2006માં સભ્ય બન્યુ હતું અને તે પ્રથમ વખત એશિયન કપનું આયોજન કરી રહ્યું હતું.

- 29મો સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો સૂરજકુંડ, ફરીદાબાદ (હરિયાણા)માં શરૂ થયો. આ મેળાનો ભાગીદાર દેશ લેબનાન અને વિષય છત્તીસગઢ રાજ્ય છે.
- રેલવે મંત્રાલયે અશોકકુમાર અગ્રવાલની દક્ષિણ રેલવે, ચેન્નાઇના જનરલ મેનેજર તરીકે નિમણૂંક કરી.
- ભારત અને ચીને બેઇજિંગમાં સંયુક્તપણે 'વિઝિટ ઈન્ડિયા ઇયર ઇન ચાઈના' લોન્ચ કરી. તેની શરૂઆત ભારતીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની ચીનની યાત્રા દરમિયાન કરવામાં આવી. 'વિઝિટ ઈન્ડિયા ઇયર ઇન ચાઇના' પહેલનો મુખ્ય હેતુ ચીન અને ભારત વચ્ચે પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો અને બન્ને દેશોના લોકોમાં પરસ્પર સંવાદિતાને પ્રોત્સાહન આપવાનો છે. આ અભિયાન અંતર્ગત ચીન ભારતીય પ્રવાસનને પ્રોત્સાહન આપશે.
- નંદિતા ચેટર્જીની આવાસ અને શહેરી ગરીબી નિવારણ (Housing & Urban Poverty Alleviation-HUPA) મંત્રાલયમાં સચિવ પદ પર નિમણુંક થઇ.
- પાકિસ્તાને 23 માર્ચે તેમના રાષ્ટ્રીય દિવસ પર વાર્ષિક લશ્કરી પરેડ ફરીથી યોજવાનો નિર્ણય કર્યો છે. દેશમાં કાયદા વ્યવસ્થા કથળી હોવાને કારણે વર્ષ 2008થી આ પરેડ બંધ છે. ચીનના રાષ્ટ્રપતિ શી ચિનફિંગના પરેડમાં મુખ્ય મહેમાન તરીકે આવવાની અપેક્ષા છે.
- અમેરિકન સંશોધકોએ માનવીની કરોડરજ્જુમાં એક નાના મગજની શોધ કરી છે, જે આપણને ભીડમાંથી પસાર થતી વખતે અથવા શિયાળામાં બરફવાળી સપાટીથી પસાર થતી વખતે સંતુલન જાળવી રાખવામાં મદદ કરે છે અને લપસવા કે પડવાથી બચાવે છે.
- કર્ણાટકની શાળાની વિદ્યાર્થીની સલોની દલાલ કેરળમાં ચાલી રહેલા 35મા રાષ્ટ્રીય રમતોત્સવમાં સૌથી ઓછી ઉંમરની પદક વિજેતા બની. 12 વર્ષની સલોનીએ 200 મીટર બ્રેસ્ટ સ્ટ્રોક સ્વિમિંગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- 35મા રાષ્ટ્રીય રમતોત્સવમાં ગુજરાતની કલ્યાણી સક્સેનાએ 200 મીટર બ્રેસ્ટ સ્ટ્રોક સ્વિમિંગ સ્પર્ધામાં સ્વર્ણ પદક જીત્યો.
- મધ્યપ્રદેશને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ 2005 (Mahatma Gandhi National Rural Employment Guarantee Act-MGNREGA) હેઠળ કરવામાં આવેલાં શ્રેષ્ઠ કાર્યો માટે દસમો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો. મનરેગા કન્વર્ઝનથી સ્થાયી સંપત્તિઓના નિર્માણમાં મધ્યપ્રદેશ દેશમાં પ્રથમ સ્થાને છે. રાજયમાં કુલ એક કરોડ બે લાખ ઘરોમાં મનરેગા રોજગાર કાર્ડ છે.
- બિહાર રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ (Scheduled Caste-SC), અનુસૂચિત જનજાતિ (Scheduled Tribe-ST) અને વિદ્યાર્થીઓને રાજ્યમાં અનુસ્નાતક (Post Graduate-PG) સ્તર સુધી મફત શિક્ષણ પૂરું પાડવાનો નિર્ણય કર્યો.

- મોબાઇલ હેન્ડસેટ બનાવતી સ્થાનિક કંપની માઇક્રોમેક્સ કોરિયાની મુખ્ય ઇલેક્ટ્રોનિક્સ કંપની સેમસંગને પછાડી ભારતની સૌથી મોટી અને વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્માર્ટફોન કંપની બની ગઈ છે.
- ચીનમાં લી હેજુન સૌથી ધનિક વ્યક્તિ બન્યા. તેમણે દેશનાં સૌથી ધનિક વ્યક્તિ તરીકે ઈ-કોમર્સ કંપની અલીબાબાના સ્થાપક જૈક માનું સ્થાન લીધું.
- નિષ્ણાતોનું કહેવું છે કે ખાણકામ માટે ચંદ્ર એક સમૃદ્ધ જગ્યા છે જ્યાં તેના ધ્રુવો પર 1.6 ટન પાણી બરફ તરીકે અસ્તિત્વમાં છે અને તે ઉપગ્રહની સપાટી નીચે 'રેયર અર્થ' તત્વ વિપુલ પ્રમાણમાં છુપાયેલ છે. રેયર અર્થ તત્વોનો ઉપયોગ મોબાઇલ ફોન, કમ્પ્યુટર, કારની બેટરી સહિત ઘણાં બધાં ઇલેક્ટ્રોનિક સાધનોમાં કરવામાં આવે છે. રેયર અર્થ તત્વોની બાબતે ચીન ઇજારો ધરાવે છે.
- **60મો ફિલ્મફેર એવોર્ડ્સ:**

  **શ્રેષ્ઠ અભિનેતા** – શાહિદ કપૂર (હૈદર),

  **શ્રેષ્ઠ અભિનેત્રી** – કંગના રાનૌત (ક્વીન),

  **શ્રેષ્ઠ ફિલ્મ** – ક્વીન,

  **શ્રેષ્ઠ નિર્દેશક** – વિકાસ બહલ (ક્વીન),

  **શ્રેષ્ઠ સપોર્ટિંગ અભિનેતા** – કે કે મેનન (હૈદર),

  **શ્રેષ્ઠ સપોર્ટિંગ અભિનેત્રી** – તબ્બુ (હૈદર)
- ભારતની દિપીકા પલ્લીકલે વિનીપેગ વિન્ટર ક્લબ મહિલા ઓપન (Winnipeg Winter Club Women's Open 2015) સ્પર્ધાનો ખિતાબ જીત્યો.
- મહારાષ્ટ્રની નેટબૉલ ટીમના ખેલાડી મયૂરેશ પવારનું 35મા રાષ્ટ્રીય રમતોત્સવ દરમિયાન અવસાન થયું.
- ગુજરાતના ભૂતપૂર્વ પોલીસ વડા પી સી પાંડે તુલસીરામ પ્રજાપતિ નકલી એન્કાઉન્ટર કેસમાંથી મુક્ત.
- ઇજિપ્તની કોર્ટે 2011માં રાષ્ટ્રપતિ હોસ્ની મુબારકને સત્તાથી દૂર કરવાના બળવા દરમિયાન સલામતી દળો સાથે ઘર્ષણમાં સંકળાયેલા 230 લોકોને આજીવન કેદની સજા આપી.
- શારદા કૌભાંડમાં ધરપકડ કરાયેલ ભૂતપૂર્વ સાંસદ મતંગસિંહની બાબતમાં દખલગીરી કરવાને કારણે અનિલ ગોસ્વામીને કેન્દ્રિય ગૃહ સચિવ પદેથી દૂર કરવામાં આવ્યા. એલ સી ગોયલની નવા ગૃહ સચિવ તરીકે નિયુક્તિ. એલ સી ગોયલ અત્યારે કેન્દ્રિય ગ્રામીણ વિકાસ વિભાગના સચિવ છે.
- નાસાએ 'સોઇલ મોઇશ્ચર એક્ટિવ પેસિવ' નામનો પૃથ્વીનો પ્રથમ ઉપગ્રહ લોન્ચ કર્યો.

www.crackgpsc.com

- જાપાને કાગોશિમા પ્રદેશના તાનેગાશિમા અવકાશ કેન્દ્રથી એક જાસૂસી ઉપગ્રહ લોન્ચ કર્યો. જાપાનના આ ઉપગ્રહને એચ-2એ (H-IIA) રૉકેટ દ્વારા ભ્રમણ કક્ષામાં મોકલવામાં આવ્યો. આ ઉપગ્રહમાં પેલોડ તરીકે એક આધુનિક રડાર લગાવવામાં આવ્યું છે જે 300 માઇલના અંતરે આવેલ ભ્રમણ કક્ષાથી દરેક ઋતુમાં રાત-દિવસ વિશ્વનું સર્વેક્ષણ કરતું રહેશે. આ ઉપગ્રહ જાપાનનો પાંચમો જાસૂસી ઉપગ્રહ છે.
- માઇક્રોસોફ્ટે iOS, એન્ડ્રોઇડ વપરાશકર્તાઓ માટે આઉટલુક એપ્લિકેશન લોન્ચ કરી.
- ગુજરાત રાજ્ય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમે ગ્લોબલ ઈ-કોમર્સ ઈબે (eBay) સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યાં.
- RBIએ વૈધાનિક તરલતા ગુણોત્તર (Statutory Liquidity Ratio-SLR) માં 0.50% ઘટાડાની જાહેરાત કરી. જેના પછી તે 22% થી ઘટીને 21.5% થઇ ગયો. વર્તમાન દર: રેપો રેટ – 7.75%, રિવર્સ રેપો રેટ – 6.75%, રોકડ અનામત ગુણોત્તર (Cash Reserve Ratio - CRR) – 4%, વૈધાનિક તરલતા ગુણોત્તર (Statutory Liquidity Ratio - SLR) – 21.5%, બેંક રેટ – 8.75%, એમએસએફ રેટ (Marginal Standing Facility) – 8.75%.
- ઓરિસ્સા સરકારે ન્યાયાધીશ એમ. એમ. દાસની રાજ્યમાં ચિટ ફંડ કૌભાંડની તપાસ કરતી એક સભ્યવાળી તપાસ પંચના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરી.
- નાગાલેન્ડના મુખ્યમંત્રી ટી આર જેલિયાંગે વિધાનસભામાં વિશ્વાસ મત મેળવ્યો.
- જે કે ગ્રુપના પ્રમુખ ગૌર હરિ સિંઘાનિયાનું અવસાન થયું. તેમણે રમતને પ્રોત્સાહન આપવા માટે સર પદમપત સિંઘાનિયા બ્રિજ એકેડેમી ખોલી હતી. શિક્ષણ ક્ષેત્રે તેમણે વિવિધ વિશ્વવિદ્યાલયો માટે યોગદાન આપ્યું હતું.
- પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઑફ એનિમલ્સે (The People for the Ethical Treatment of Animal -PETA) કર્ણાટકના બેંગલુરુમાં બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાનની અંદર ભારતનું પ્રથમ વાડ ધરાવતું હાથી અભયારણ્ય બનાવવાની જાહેરાત કરી. અભયારણ્ય હાથીઓના ટોળાને મુક્ત રીતે અને માનવીય હસ્તક્ષેપ વિના ફરવાની અને તળાવોમાં ન્હાવાની પરવાનગી આપશે, સાથે જ હાથી સાંકળોના બંધનથી મુક્ત થઇને એકબીજાને મળી શકશે.



- બ્રિટનના હાઉસ ઑફ કૉમન્સમાં ત્રણ લોકોના ડીએનએથી બાળકને જન્મ આપવાના પ્રસ્તાવને મંજૂરી.
- કેન્દ્ર સરકારે કંપનીઓ દ્વારા કરાયેલી વ્યાવસાયિક સામાજીક જવાબદારીની (Corporate Social Re pon ibility-CSR) પ્રવૃત્તિઓના મૂલ્યાંકન માટે એક માળખાના સલાહ સૂચન માટે કંપની અધિનિયમ, 2013 હેઠળ એક ઉચ્ચ કક્ષાની પેનલની રચના કરી. આ પેનલના અધ્યક્ષ ભૂતપૂર્વ કેન્દ્રિય ગૃહ સચિવ અનિલ બેજલ હશે.
- ભારતીય અમેરિકન અજયપાલસિંહ બંગાની અમેરિકામાં વેપાર નીતિ અને ચર્ચા માટે સલાહકાર સમિતિના (The Advi ory Committee for Trade Policy and Negotiation -ACTPN) સભ્ય તરીકે નિમણુક થઇ. હાલમાં બંગા માસ્ટર કાર્ડના અધ્યક્ષ અને CEO છે.
- એમઓ ગર્ગની કાઉન્સિલ ઓફ સાયન્ટીફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)ના ડિરેક્ટર જનરલ તરીકે નિમણુક કરવામાં આવી. આ પહેલાં તેઓ ભારતીય પેટ્રોલિયમ સંસ્થાન (Indian In titute of Petroleum-IIP), દહેરાદૂનના ડિરેક્ટર હતા.
- મદ્રાસ હાઇકોર્ટે એક પરિપત્ર બહાર પાડી તામિલનાડુ રાજ્ય સરકારને રાજ્યની કૉલેજો અને અન્ય શિક્ષણ સંસ્થાઓમાં સૌંદર્ય સ્પર્ધા રાખવા પર પ્રતિબંધ લગાવવાનો નિર્દેશ આપ્યો.
- વેપાર અને ઉદ્યોગ મંત્રાલય અનુસાર દેશમાં એપ્રિલ, 2000થી આવેલા કુલ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment-FDI) માં મહારાષ્ટ્ર અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (The National Capital Region-NCR) નો ફાળો 49% રહ્યો. એપ્રિલ, 2000થી નવેમ્બર, 2014 દરમિયાન મહારાષ્ટ્રને 70.41 અબજ ડૉલરનું FDI મળ્યું જે દેશમાં આવેલ કુલ FDI આવકના 30% છે. મોરેશિયસ મારફતે સૌથી વધુ 83.73 અબજ ડૉલરનું વિદેશી રોકાણ આવ્યું. ગુજરાતને 10.18 અબજ ડૉલરનું વિદેશી રોકાણ મળ્યું.
- 68મા બ્રિટિશ એકેડેમી ફિલ્મ્સ એવોર્ડ્સ (Briti h Academy Film Award -BAFTA).

  **શ્રેષ્ઠ ફિલ્મ:** બોયહુડ,
  **શ્રેષ્ઠ દિગ્દર્શક:** રિચાર્ડ લિંકલેટર (બૉયહુડ),
  **શ્રેષ્ઠ બ્રિટિશ ફિલ્મ:** ધ થિયરી ઑફ એવરીથિંગ,
  **શ્રેષ્ઠ અભિનેત્રી:** જૂલિયન મૂરે,
  **શ્રેષ્ઠ અભિનેતા:** એડી રેડમેન (ધ થિયરી ઑફ એવરીથિંગ),
  **શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મ:** ધ લોગો મૂવી.
- ભારતીય શિલ્પકાર અને કલાકાર મૃણાલિની મુખરજીનું નવી દિલ્હીમાં નિધન. તેમણે શિલ્પકલા ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યુ છે. તેમના દ્વારા શણના રેસા, સિરામિક અને તાંબામાંથી બનાવેલી કલાકૃતિઓ ખૂબ પ્રસિદ્ધ છે.

www.crackgpsc.com

- ચીનની ઈ-કોમર્સ કંપની અલીબાબાએ ભારતીય મોબાઇલ-કોમર્સ ક્ષેત્રની કંપની વન 97 કોમ્યુનિકેશન્સમાં ભાગીદારી કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા. તે મુજબ અલીબાબા ગ્રુપનું યુનિટ એન્ટ ફાઇનાન્સિયલ સર્વિસીઝ 'વન 97 કોમ્યુનિકેશન્સ' માં 25% ભાગીદારી સંપાદિત કરશે. ઉલ્લેખનીય છે કે અલીબાબા ગ્રુપ વિશ્વની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની છે.
- વિખ્યાત મરાઠી સાહિત્યકાર ભાલચંદ્ર નેમાડેને 50મો જ્ઞાનપીઠ પુરસ્કાર આપવાની ઘોષણા કરવામાં આવી. નેમાડે જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર 55મા સાહિત્યકાર છે. જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત થનારા નેમાડે મરાઠીના ચોથા સાહિત્યકાર છે. જ્ઞાનપીઠ પુરસ્કાર ભારતનું સર્વોચ્ચ સાહિત્યિક સન્માન છે. પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વર્ષ 1965માં મલયાલમ લેખક જી શંકર કુરુપને એનાયત થયો હતો.



- બલ્ગેરિયાના નિકોલેય મ્લાદેનોવની મધ્ય પૂર્વ શાંતિ પ્રક્રિયા માટે સંયુક્ત રાષ્ટ્ર અને પેલેસ્ટિનિયન લિબરેશન ઑર્ગેનાઇઝેશનના પર્સનલ રિપ્રેઝન્ટેટિવ અને પેલેસ્ટિનિયન સત્તાધિકાર માટે નવા સ્પેશિયલ કોઑર્ડિનેટર તરીકે નિમણુક કરવામાં આવી.
- ટાટા કોમ્યુનિકેશન્સ લિમિટેડે 30 દેશોમાં કિઓનની 280 સાઇટો માટે વૈશ્વિક વાઇડ એરિયા નેટવર્ક (WAN) સેવાઓ પૂરી પાડવા માટે જર્મનીમાં આવેલા કિઓન ગ્રુપ સાથે 20 મિલિયન ડૉલરના કરાર પર હસ્તાક્ષર કર્યા.
- લોકસભાની અધ્યક્ષ સુમિત્રા મહાજનનું નામ લિમ્કા બુક ઑફ રેકૉર્ડ્સમાં સામેલ કરવામાં આવ્યું. તેમના નામે દેશની એક માત્ર એવી મહિલા હોવાનો રેકૉર્ડ છે જેમણે એક જ પાર્ટીની બેઠક પર એક જ લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ સતત આઠ વખત કર્યું છે. બીજેપીના નેતા તરીકે તેઓ મધ્યપ્રદેશમાં લોકસભાના ઇન્દોર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે.
- ઉત્તરાખંડ સરકારે 'હિમાલય દર્શન યોજના' ની શરૂઆત કરી.
- જાણીતા મરાઠી રંગમંચ કલાકાર અને ફિલ્મ અભિનેતા આત્મારામ ગોવિંદ ભેંડેનું નિધન.
- કેન્દ્ર સરકારે જાહેર ક્ષેત્રની 9 બેંકોને તેની મૂડી વધારવા અને વૈશ્વિક જોખમના માપદંડોને પૂરા કરવા માટે તેમને 6990 કરોડ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો.
- **57મો વાર્ષિક ગ્રેમી એવૉર્ડ**
- 57મા વાર્ષિક ગ્રેમી એવૉર્ડમાં બ્રિટિશ ગાયક સેમ સ્મિથે પોતાના ગીત "સ્ટે વિથ મી" માટે "રેકૉર્ડ ઑફ ધ યર" અને "સોન્ગ ઑફ ધ યર" એવૉર્ડ જીત્યો. તેમને બેસ્ટ ન્યુ આર્ટિસ્ટનો એવૉર્ડ પણ મળ્યો. બેંગલુરુના મ્યુઝિક કમ્પોઝર રિકી કેઝના આલ્બમ 'વિન્ડ ઑફ

www.crackgpsc.com

સેમ્સારા' ને 'બેસ્ટ ન્યુ એજ આલ્બમ' નો એવૉર્ડ મળ્યો. હાનસેનના મોર્નિંગ ફેસને બેસ્ટ આલ્બમ ઑફ ધ યરનો એવૉર્ડ મળ્યો. લેખક અને ક્રિએટિવ રાઇટિંગના પ્રોફેસર નીલા વાસવાનીના 'આઈ એમ મલાલા' ને શ્રેષ્ઠ ચિલ્ડ્રન આલ્બમ કેટેગરીમાં ગ્રેમી એવૉર્ડ મળ્યો. નીલા વાસવાનીના પુસ્તકના ઑડિયો અનુવાદને આ એવૉર્ડ આપવામાં આવ્યો.

- નાસાના હબલ સ્પેસ ટેલિસ્કોપે ગુરુના ત્રણ સૌથી મોટા ચંદ્ર યુરોપા, કેલિસ્ટો અને લોના વાયુના આ વિશાળ ગ્રહના નમેલી ધરી પર દોડતા દુર્લભ ઘટનાના ફોટા લીધા છે. આ એક એવી દુર્લભ ઘટના છે જે એક દાયકામાં એક કે બે વાર થાય છે.
- નાણાંકીય વર્ષ 2014-15 માટે કેન્દ્ર સરકારની પ્રતિકુળ નીતિઓને કારણે ચંબલ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સે રાજસ્થાનના કોટા જીલ્લામાં આવેલો પોતાનો એક યુરિયા પ્લાન્ટ બંધ કરી દીધો.
- દમયંત સિંહની જર્મનીની બ્રાંડ એડિડાસ ગ્રુપના ભારતીય યુનિટના બ્રાન્ડ ડિરેક્ટર તરીકે નિમણુક થઇ. તેમણે તુષાર ગોકુલદાસનું સ્થાન લીધું જે હવે એડિડાસ ઇમર્જિંગ માર્કેટ્સના બ્રાન્ડ ડિરેક્ટર બનશે. એડિડાસ યુરોપની સૌથી મોટી અને નાઇક પછી વિશ્વની બીજી સૌથી મોટી રમતગમતના તૈયાર પોશાકનું ઉત્પાદન કરતી કંપની છે.
- દુનિયાનું પ્રથમ વિશ્વ મહાસાગર વિજ્ઞાન કોંગ્રેસ (World Ocean Science Congress - WOSC) કેરલના કોચીમાં યોજવામાં આવ્યું. WOSCનો મુખ્ય વિષય, ભાવિ પેઢી અને બ્લ્યુ ઇકોનોમી માટે મહાસાગરોની સુરક્ષા કરવાનું હતું.
- ભારતીય મૂળનાં અમેરિકન વૈજ્ઞાનિક અને ન્યૂયૉર્ક યુનિવર્સીટીની સ્ટર્ન સ્કૂલ ઑફ બિઝનેસના પ્રોફેસર શ્રીકાંત જગબથુલાને અમેરિકામાં નેશનલ સાયન્સ ફાઉન્ડેશને 'ફેકલ્ટી અર્લી કેરિયર ડેવલપમેન્ટ એવૉર્ડ' (Faculty Early Career Development award) થી સન્માનિત કર્યા. જગબથુલાને ઓપેરેશનલ નિર્ણય લેવાની ચોક્સાઇને સુધારવાની માહિતી આધારિત મોડેલિંગ અને તાલીમી પદ્ધતિઓનો વિકાસ કરવા માટે તેમને સન્માનિત કરવામાં આવ્યા. 'IIT' મુંબઈના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રીકાંતને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર હેઠળ તેમના સંશોધનને આગળ વધારવા માટે 5 વર્ષ સુધી 5 લાખ અમેરિકન ડૉલરની મદદ ફંડ આપવામાં આવશે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ ખાતાએ જયપુરમાં રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રીય સ્વચ્છ પહેલની શરૂઆત કરી. આ પહેલનો હેતુ 1-19 વર્ષની ઉંમરના 24 કરોડથી વધુ બાળકોને પેટના કૃમિથી છુટકારો અપાવવાનું છે. વિશ્વ આરોગ્ય સંગઠનના અંદાજ મુજબ ભારતમાં 1 થી 14 વર્ષની ઉંમરના 24 કરોડ બાળકોના પેટના કૃમિ થવાનો ભય છે.

www.crackgpsc.com

- રાજસ્થાન સરકારે અદાણી ગ્રુપ (Adani Enterprises Ltd/AEL) સાથે 10000 મેગાવોટની સોલર પાર્ક યોજના માટે સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યાં. આ અંતર્ગત રાજસ્થાનમાં 10000 મેગાવોટનો ભારતનો સૌથી મોટો સોલર પાર્ક સ્થાપિત કરવામાં આવશે.
- સુમિત દત્તા ચૌધરીએ ટેલિકૉમ ઑપરેટર રિલાયન્સ જીઓ ઇન્ફોકોમના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું.
- **કિરણ બેદીએ 'કિરણ બેદી કૈસે બની ટૉપ કોપ' નામના કૉમિક પુસ્તકનું પોતાની વિધાનસભા બેઠક ક્રિષ્ના નગર, નવી દિલ્હીમાં લોકાર્પણ કર્યું. આ પુસ્તક તેમની બહેન રીટા પેશાવરિયા મેનન અને અનુ પેશાવરિયા દ્વારા લખાયેલ છે. આ હાસ્ય પુસ્તક હિન્દી ભાષામાં લખાયેલ છે અને તેમાં 32 પાનાં છે. તેમાં ચિત્રો સાથે દેશની પ્રથમ મહિલા IPS અધિકારી વિશે લખવામાં આવ્યુ છે.**
- વોડાફોન ઈન્ડિયાએ નવીન ચોપડાની **ચીફ ઓપરેટિંગ ઓફિસર** (COO) તરીકે નિમણુક કરી. તેમની નિમણુક 1 એપ્રિલ 2015થી અમલમાં આવશે. નવીન ચોપડા સુનિલ સૂદની જગ્યા લેશે, જેમની વોડાફોન ઈન્ડિયાના CEO તરીકે નિમણુક કરવામાં આવી. નવીન ચોપડાએ વર્ષ 2004થી વોડાફોનના વ્યાવસાયિક બજારના ઉપ-પ્રમુખ (Vice-President of Corporate Marketing) તરીકે તેમની સેવા શરૂ કરી હતી. હાલમાં તેઓ વોડાફોન બિઝનેસ સર્વિસીઝના ડિરેક્ટર છે.




## ➢ 2nd week

- એમ રવિન્દ્રનને ઇન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. એમ રવિન્દ્રને કે કે ગુપ્તાનું સ્થાન લીધું. ગુપ્તા ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડ (BPCL)ના ડિરેક્ટર (વિજ્ઞાપન) છે. હાલમાં એમ રવિન્દ્રન રાજ્યની માલિકીની કંપની ગેઇલ (ઈન્ડિયા) લિમિટેડના ડિરેક્ટર (માનવ સંસાધન) છે. IGLના અધ્યક્ષના પદને દર બે વર્ષે ગેઇલ અને BPCL વચ્ચે ફેરબદલ કરવામાં આવે છે.

- ન્યૂઝ એક્સમાં રાષ્ટ્રીય બાબતોના સંપાદક વરિષ્ઠ પત્રકાર દિપ્તોશ મજૂમદારનું નિધન.
- ચીને પોતાની મહત્વાકાંક્ષી આંતરખંડિય પહેલ મેરીટાઇમ સિલ્ક રોડ (Maritime Silk Road-MSR) દ્વારા તેની પ્રથમ ક્રૂઝ લાઇનરની દરિયાઇ મુસાફરીની શરૂઆત કરી. આ દરિયાઇ મુસાફરી દક્ષિણ પશ્ચિમ ચીનના ગુંગઝી ઝુઆંગ સ્વતંત્ર ક્ષેત્રમાં આવેલ બિહાઈ બંદરથી શરૂ થઈ. પોતાની પ્રથમ મુસાફરી દરમિયાન આ જહાજ દક્ષિણ પશ્ચિમ એશિયાનાં ત્રણ દેશો- વિયેતનામ, થાઇલેન્ડ અને મલેશિયા જશે. 21મી સદીની સિલ્ક રોડ પરિયોજના ચીનના રાષ્ટ્રપતિ ઝી જિંગપિંગ ની એક પહેલ છે જેમણે 2013માં MRS નું પરિવર્તન અને ચીન અને આસિયાન (દક્ષિણ પશ્ચિમ એશિયાઈ દેશોનો સંઘ) સમુદાયો વચ્ચે ગાઢ સંબંધો બાંધવા માટે પ્રાચીન સિલ્ક રોડના પુનરુત્થાનનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- ભારતીય અર્થશાસ્ત્રી અને નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેનને ચાર્લ્સટોન-EFG જ્હોન મેનાર્ડ કેન્સ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. અમર્ત્ય સેનને કલ્યાણકારી અર્થવ્યવસ્થા પર તેમના કામ માટે પુરસ્કૃત કરવામાં આવ્યા. અમર્ત્ય સેન આ પુરસ્કારથી સન્માનિત થનાર પ્રથમ વિજેતા બન્યા. અમર્ત્ય સેન 23 મે 2015ના દિવસે ચાર્લ્સટન સમારંભમાં વાર્ષિક ચાર્લ્સટન-EFG કેન્સ વ્યાખ્યાન આપશે જેનો વિષય 'આત્મસંયમના આર્થિક પરિણામ' રાખવામાં આવ્યો છે.



- એન્જીનિયરિંગ કંપની સીમેન્સ લિમિટેડે ભારતીય રેલવેના વારાણસીમાં આવેલ ડિઝલ લોકોમોટિવ વર્ક્સથી 450 કરોડ રૂપિયાના સાધનોનો ઑર્ડર મેળવ્યો. ડિઝલ લોકોમોટિવ વર્ક્સ વારાણસીમાં આવેલ ભારતીય રેલવેનું ઉત્પાદન એકમ છે જે વાર્ષિક લગભગ 300 ડિઝલ ઇલેક્ટ્રિક એન્જિન બનાવે છે.
- ભારતીય નૌકાદળે લક્ષદ્વીપ (કાવારતી, અગ્ગાત્તિ, કાલ્પેની અને એન્ડ્રોથ)માં મોટા પાયે એક માનવીય સહાય અને આપત્તિ રાહત (Humanitarian A˙˙i tan✲e and Di˙a ter Relief-HARD) અભ્યાસનું આયોજન કર્યું. HARD અભ્યાસની રચના લક્ષદ્વીપ ટાપુઓમાં આવતાં મોટા ચક્રવાતી તોફાનો અને જરૂરી સેવાઓમાં બાધક બનવાની, મોટા પાયા પર સંપત્તિને નુકસાનની, જીવન અને જવાનોની લાપતા થવાની સ્થિતિમાં ભારતીય નૌકાદળની તૈયારી અને ક્ષમતાઓના મૂલ્યાંકન માટે બનાવવામાં આવ્યો હતો.
- દિલ્હી વિધાનસભા ચૂંટણી 2015 માં અરવિંદ કેજરીવાલના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી (AAP) એ કુલ 70 બેઠકોમાંથી 67 બેઠકો જીતી. ભારતીય જનતા પાર્ટીએ માત્ર ત્રણ બેઠકો પર જીત મેળવી. કોંગ્રેસ એક પણ બેઠક ન જીતી



www.crackgpsc.com

શક્યું. દિલ્હી વિધાનસભામાં કુલ 70 બેઠકો છે.

- 15મુ દિલ્હી સતત વિકાસ સમ્મેલન નવી દિલ્હીમાં આવેલ તાજ પ્લેસ હોટલ માં યોજાયું. આ સમ્મેલનનું આયોજન ઊર્જા અને સંસાધન સંસ્થા- ટેરી (The Energy and Resources Institute/TERI) દ્વારા કરવામાં આવ્યું હતું. શિખર સમ્મેલનનો વિષય 'સતત વિકાસ લક્ષ્યાંકો સાથે આબોહવા પરિવર્તન' (Sustainable Development Goals and Dealing with Climate Change) હતો.
- કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ 10 ફેબ્રુઆરીને રાષ્ટ્રીય કૃમિમુક્ત દિવસ (National Deworming Day) જાહેર કર્યો. રાષ્ટ્રીય કૃમિમુક્ત દિવસ સર્વાંગી આરોગ્યથી જોડાયેલા મુદ્દા જેમકે પરોપજીવી કૃમિ એપના ભયને ઘટાડવાની દિશામાં કરાયેલી એક પહેલ છે. તેનાથી માત્ર ભારતમાં 24 કરોડથી વધુ બાળકો અસરગ્રસ્ત છે. તે ઉપરાંત નડ્ડાએ 9 ફેબ્રુઆરી 2015ના રોજ રાષ્ટ્રીય કૃમિમુક્ત પહેલ ની શરૂઆત કરી. પહેલનો હેતુ 1 થી 19 વર્ષ વચ્ચે તમામ પૂર્વ શાળા અને શાળાએ જતાં બાળકો (દાખલ થયેલાં કે જેમણે દાખલો નથી લીધો તે પણ) ને પેટના કીડાથી રક્ષણ આપવાનો છે.
- અમેરિકા અને બ્રિટને યેમેનમાં પ્રવર્તમાન અશાંતિને કારણે ત્યાં આવેલાં તેમનાં દૂતાવાસ બંધ કર્યાં. યેમેનમાં મહિનાઓથી કટોકટી ચાલુ છે જ્યાં ઈરાનથી જોડાયેલ શિયા હૂતી બળવાખોરોએ રાજધાનીનો કબજો કરેલો છે.




- ICICI બેંકે મોબાઇલ ફોન પર ભારતની પ્રથમ ડિજિટલ બેંક 'પૉકેટ્સ' ની શરૂઆત કરી. ડિજિટલ ઈ-વૉલેટ એક વર્ચ્યુઅલ વિઝા કાર્ડનો ઉપયોગ કરે છે જે વપરાશકર્તાઓને ભારતમાં કોઈ પણ વેબસાઇટ કે મોબાઇલ એપ્લિકેશન પર લેવડદેવડની સુવિધા આપશે. તેની મદદથી વપરાશકર્તા કોઈ પણ ઈમેઇલ આઈડી, મોબાઇલ નંબર, ફેસબુક અને ટ્વિટરના પોતાના મિત્રો અને બેંક ખાતાથી અથવા તેમના ખાતામાં તુરંત પૈસા મોકલી શકે છે કે પછી મંગાવવા માટે વિનંતી કરી શકે છે. આ ઈ-વૉલેટની સુવિધાથી વ્યક્તિ બિલ પેમેન્ટ, મોબાઇલ રિચાર્જ, ઑનલાઇન શૉપિંગ અને ઑનલાઇન ટિકિટ બુકિંગ જેવી સેવાનો પણ ઉપયોગ કરી શક છે.
- રિલાયન્સ કોમ્યુનિકેશન્સે ફેસબુકની પહેલ "ઇન્ટરનેટ ડોટ ઓઆરજી"" (Internet.org) દ્વારા ભારતમાં લોકોને મફત ઇન્ટરનેટ સુવિધા આપવા માટે સોશિયલ નેટવર્કિંગ સાઇટ ફેસબુક સાથે કરાર કર્યાં. બંને કંપનીઓએ સંયુક્ત રીતે



ભારતીયોને ઇન્ટરનેટના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા માટે અને ભારતમાં એક અબજ લોકોને ઇન્ટરનેટના માધ્યમથી જાગૃત કરવાના હેતુથી "ઇન્ટરનેટ ડોટ ઓઆરજી"ની શરૂઆત કરી. "ઇન્ટરનેટ ડોટ ઓઆરજી"" પહેલ અંતર્ગત આરોગ્ય અને શિક્ષણ સંબંધિત 33 જાણીતી વેબસાઇટો વિનામૂલ્યે ઉપલબ્ધ કરવવામાં આવશે. આ સુવિધાથી ગ્રાહક 2જી અને 3જી પ્લેટફોર્મ્સ બંને પર વિનામૂલ્યે ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકશે. એન્ડ્રોઇડ આધારિત ઇન્ટરનેટ ડોટ ઓઆરજી" એપ્લિકેશન સ્માર્ટફોન પર પણ નિ:શુલ્ક ઇન્ટરનેટ આપશે. ભારત એશિયાનો પ્રથમ દેશ હશે જેને ઇન્ટરનેટ ડોટ ઓઆરજી" એપ મળશે. પ્રથમ તબક્કામાં આ સેવા આરકોમના સાત સર્કલમાં ઉપલબ્ધ હશે જેમાં મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, ચન્નાઈ અને કેરલનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં આ સેવાને મે 2015થી સમગ્ર ભારતમાં શરૂ કરવામાં આવશે.

- બ્રિગેડ ઑફ ધ ગાર્ડ અને સિખ રેજીમેન્ટને સંયુક્ત રીતે પ્રજાસત્તાક દિન 2015ના પ્રસંગે કરવામાં આવેલ પરેડમાં શ્રેષ્ઠ **માર્ચિંગ** દળની ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા. આ પુરસ્કાર ચીફ ઑફ સ્ટાફ કમિટીના અધ્યક્ષ અને એર ચીફ માર્શલ અરૂપ રાહા દ્વારા સંરક્ષણ મંત્રાલય, નવી દિલ્હીમાં યોજાયેલ એક પુરસ્કાર સમારંભ દરમિયાન આપવામાં આવ્યો.
- પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યમ (Micro Small and Medium Enterpri e -MSME) ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા ના સહયોગથી માઇક્રો બિઝનેસ ક્રેડિટ કાર્ડ શરૂ કર્યું. માઇક્રો બિઝનેસ ક્રેડિટ કાર્ડ ભારતમાં આ પ્રકારનું પ્રથમ કાર્ડ છે. આ બિઝનેસ ક્રેડિટ કાર્ડથી ખેડૂતોને વેપાર શરૂ કરવામાં મદદ મળશે. આ કાર્ડની મદદથી નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો કોઈ ડિપોઝિટ વગર વેપારી પ્રવૃત્તિઓ માટે 5 લાખ રૂપિયા સુધીની લૉન મેળવી શકશે.
- 'કાલિક્કુન્ના કુટ્ટિકલકાર્યી ભારતમ કાતિરિક્કુન્નુ' નાટકમાં ભાગીદારીને કારણે 35મી નેશનલ ગેમ્સના મેસ્કોટ 'અમ્મૂ'-ધ ગ્રેટ હાર્નબિલનું નામ લિમ્કા બુક ઑફ રેકૉર્ડ્સમાં સામેલ કરાયું. આ મેસ્કોટની ડિઝાઇન રાકેશે કરી છે. આ નાટક એવા મેસ્કોટ વિશે છે જેનું પ્રદર્શન સૌથી વધુ શાળાઓમાં (કેરલના સાત જીલ્લાઓની 147) કરવામાં આવ્યું. ગ્રેટ હાર્નબિલ કેરલનું રાજ્ય પક્ષી છે. ગ્રેટ હાર્નબિલ પ્રજાતિના રક્ષણ માટે, જે લુપ્ત થવાની અણી પર છે, રાજ્યની ચિંતાને પ્રતિબિંબિત કરવા માટે આ મેસ્કોટ પસંદ કરવામાં આવ્યું. સ્ત્રીલિંગ 'અમ્મૂ' કેરલની મહિલાઓ માટે એક શ્રદ્ધાંજલિ તરીકે મેસ્કોટ માટે પસંદ કરવામાં આવ્યું અને આ કેરલના જાતિ દર પર ગર્વ લેવાનું પણ યાદ કરાવે છે. કેરલ ભારતનું એક માત્ર એવું રાજ્ય છે જ્યાં સ્ત્રીઓનું પ્રમાણ પુરુષોની સરખામણીમાં (જાતિ દર) વધારે છે.

- ભારતીય પોલીસ સેવાના વરિષ્ઠ અધિકારી ક્રિષ્ના ચૌધરી એ ભારત-તિબેટ સીમા પોલીસ (Indo-Tibetan Border Police-ITBP) ના ડિરેક્ટર જનરલનો કાર્યભાર સંભાળ્યો. ક્રિષ્ના ચૌધરીએ સુભાષ ગોસ્વામીનું સ્થાન લીધું.
- હિમાચલ પ્રદેશ સરકારે સિમલામાં આવેલાં પોલીસ મુખ્યાલયમાં ક્રાઇમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક સિસ્ટમ (Crime and Criminal Tracking Network System-CCTNS) યોજનાની શરૂઆત કરી. આ સાથે જ હિમાચલ પ્રદેશ આ યોજનાના આધુનિક સ્વરૂપ સાથે જોડાનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- કેન્દ્ર સરકારે લઘુમતી બાબતોના મંત્રાલયમાં કેન્દ્રિય સાર્વજનિક સંગઠન (Central Public Sector Enterprise-CPSE) રાષ્ટ્રીય લઘુમતી વિકાસ અને નાણાંકીય વિભાગની અધિકૃત શેરમૂડીને હાલના 1500 કરોડ રૂપિયાથી વધારીને 3000 કરોડ રૂપિયાના પ્રસ્તાવને મંજૂરી આપી. NMDFC લઘુમતીઓના કલ્યાણ માટે કામ કરે છે.
- ઈન્ડિયા સિમેન્ટ્સ લિમિટેડના બૉર્ડે પોતાની IPL ટીમ 'ચેન્નાઈ સુપરકિંગ્સ' (CSK) ને એક સંપૂર્ણ માલિકી વાળી પેટા કંપની 'ચેન્નાઈ સુપર કિંગ્સ ક્રિકેટ લિમિટેડ' (CSKCL)માં ફેરવવાની મંજૂરી આપી. BCCI ના ભૂતપૂર્વ અધ્યક્ષ એન શ્રીનિવાસનના નેતૃત્વવાળી ઈન્ડિયા સિમેન્ટ્સ લિમિટેડની IPL ટીમ ચેન્નાઈ સુપરકિંગ્સ (CSK) મેચ ફિક્સિંગને લઇને વિવાદાસ્પદ છે. તેનાથી સંબંધિત વિવાદમાં સુપ્રીમ કૉર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે BCCI નો કોઈ પણ અધિકારી ક્રિકેટમાં વ્યવસાયિક લાભ વાળું કોઈ પણ કામ નહીં કરે.
- યુથ અફેર્સ અને સ્પોર્ટ્સ ખાતાએ રાષ્ટ્રીય રમત પ્રોત્સાહન પુરસ્કાર યોજના (Rashtriya Khel Protsahan Puruskar Scheme) ફરીથી શરૂ કરી. આ યોજના હેઠળ ચાર વર્ગોમાં રાષ્ટ્રીય રમત પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે.
- એક વેબ આધારિત ઉપકરણ એટ્રોસિટી ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ (Atrocity Tracking and Monitoring-ATM) સિસ્ટમ શરૂ કરવામાં આવી. આ ઉપકરણ દલિતો અને આદિવાસીઓ વિરુદ્ધ અત્યાચારો પર નજર રાખવા અને ઝડપી ન્યાય આપવાના હેતુથી શરૂ કરવામાં આવ્યુ હતું. આ ઉપકરણ નેશનલ દલિત મૂવમેન્ટ ફોર જસ્ટિસે શરૂ કર્યું.
- ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિયામક મંડળે ગ્રાસિમ સાથે આદિત્ય બિરલા કેમિકલ્સના સૂચિત વિલીનીકરણને મંજૂરી આપી.
- સૉફ્ટવેર કંપની માઇક્રોસોફ્ટે 'સનરાઇઝ' કેલેન્ડર એપ 100 મિલિયન અમેરિકન ડૉલરમાં હસ્તગત કરી. 'સનરાઇઝ' કેલેન્ડર એપ આઈઓએસ અને એન્ડ્રોઇડ (iOS and Android) માટે કેલેન્ડર એપ બનાવવા માટે જાણીતી છે. માઇક્રોસોફ્ટ તેનો ઉપયોગ પોતાના આગામી પ્રોડક્ટ્સ માટે કરશે.

- કેન્દ્રિય ગૃહ મંત્રાલયે 1984ના શીખ વિરોધી તોફાનોના કેસની ફરીથી તપાસ માટે ત્રણ સભ્યોની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી. ત્રણ સભ્યોની SIT નું નેતૃત્વ વર્ષ 1986 બેચના IPS અધિકારી પ્રમોદ અસ્થાના કરશે. SIT છ મહિનામાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે અને 1984 તોફાનો સંબંધિત તમામ ગંભીર કેસમાં પુરાવાની પુનઃતપાસ કરશે. SITની રચના સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ ન્યાયમૂર્તિ (નિવૃત્ત) જી. પી. માથુરના નેતૃત્વમાં રચાયેલી એક સમિતિની ભલામણો બાદ કરવામાં આવી.
- ICICI બેંક લિમિટેડે ફંડ ટ્રાન્સફરની 'ફ્લેશરેમિટ' સેવા શરૂ કરવા માટે UAE એક્સચેન્જની સાથે કરાર કર્યો. 'ફ્લેશરેમિટ' સેવાની મદદથી સંયુક્ત આરબ અમીરાત (UAE)માં રહેનારા બેંક ગ્રાહકો પોતાના રૂપિયા ભારતમાં કોઈ પણ ICICI બેંક ખાતામાં સલામત રીતે તરત જ મોકલી શકે છે. 'ફ્લેશરેમિટ' UAE એક્સચેન્જની તાત્કાલિક ક્રેડિટ સુવિધા છે. આ સેવા ગ્રાહકો માટે વર્ષમાં 365 દિવસ અને 24 કલાક માટે ઉપલબ્ધ રહેશે.
- મલેશિયન ઇસ્લામિક પાર્ટી (PA) ના અધ્યાત્મિક નેતા નિક અબ્દુલ અઝીઝ નિક મેટનું અવસાન થયું. તેઓ વર્ષ 1991થી પેન મલેશિયન ઇસ્લામિક પાર્ટી (PA) ના અધ્યાત્મિક નેતા હતા.
- ભારત કેન્યા સંયુક્ત વેપાર સમિતિ (Joint Trade Committee-JTC)ની 7મા તબક્કાની બેઠક નવી દિલ્હીમાં યોજાઇ ગઈ. વેપાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) નિર્મલા સીતારમણે બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું જ્યારે કેન્યાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કેન્યાના વિદેશ અને આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રાલયના કેબિનેટ સચિવ રાજદૂત અમીના સી મોહમ્મદે કર્યું. ભારત અને કેન્યાનું સંયુક્ત આયોગ 1999માં રચવામાં આવ્યુ હતું. તેની પ્રથમ બેઠક જુલાઈ 2003માં નૈરોબીમાં યોજાઇ હતી. સંયુક્ત વેપાર સમિતિની આઠમી બેઠક નૈરોબીમાં યોજાશે.
- 13 ફેબ્રુઆરી 2015 ના દિવસે વર્લ્ડ રેડિયો ડે વિશ્વભરમાં ઉજવવામાં આવ્યો. વિશ્વ રેડિયો દિવસ 2015નો વિષય યુથ એન્ડ રેડિયો હતો. વર્ષ 2011માં પોતાની 36મી મહાસભામાં, યુનેસ્કોએ 13 ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. પ્રથમ વાર વિશ્વ રેડિયો દિવસ સત્તાવાર રીતે વર્ષ 2012 માં ઉજવવામાં આવ્યો.
- બીટી ગ્રુપ PLCએ યુકેની વાયરલેસ વાહક EE લિમિટેડ ને 19 અબજ અમેરિકન ડૉલરમાં હસ્તગત કરી. સોદા પછી લંડનના બીટીનો અંકુશ સૌથી મોટા હાઇ સ્પીડ બ્રોડબેન્ડ નેટવર્કની સાથે સાથે યુ.કે.ના સૌથી મોટા વાયરલેસ ઑપરેટર પર હશે. બીટી, બ્રિટનનું સૌથી મોટું ફિક્સ્ડ લાઇન ટેનિકોમ્યુનિકેશન પ્રોવાઇડર છે.
- ઑસ્ટ્રેલિયાના મેલબૉર્ન અને ન્યૂઝીલેન્ડનાં ક્રાઇસ્ટચર્ચ માં યોજાયેલ ઉદઘાટન સમારંભ સાથે ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015ની શરૂઆત થઇ. ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સંયુક્ત

www.crackgpsc.com

રીતે ક્રિકેટ વર્લ્ડ કપ 2015ની મેજબાની કરી રહ્યા છે. ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015માં વિશ્વના 14 દેશોની ક્રિકેટ ટીમે ભાગ લીધો છે. ઝૂમ બૉલીવુડ ડાન્સ કંપની એ ઉદઘાટન સમારંભમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

- અખિલ ભારતીય ફૂટબૉલ સંઘે (All India Football Federation-AIFF) ભારતીય પુરુષોની ફૂટબૉલ ટીમના સુકાની સુનીલ છેત્રી અને સ્ટ્રાઇકર બાલા દેવીને વર્ષ 2014ના શ્રેષ્ઠ ફૂટબૉલ ખેલાડી (પ્લેયર ઑફ ધ ઈયર 2014) તરીકે પસંદ કર્યાં. સંદેશ ઝિંગનને ઇમર્જિંગ પ્લેયર ઑફ ધ યર અને સંતોષ કુમાર ને શ્રેષ્ઠ રેફરી તરીકે પસંદ કરવામાં આવ્યા.
- એશિયન ગેમ્સની મેડલ વિજેતા ટિંટુ લુકા (કેરલ)એ 35મી નેશનલ ગેમ્સની 800 મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો. ટિંટુએ 800 મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીતવાની સાથે જ 18 વર્ષ જૂનો રોસા કુટ્ટી (કેરલ)નો રેકોર્ડ તોડ્યો.
- પેંગ્વિન ઈંડિયાએ જાણીતા પત્રકાર વિનોદ મેહતા દ્વારા લખાયેલ પુસ્તક 'એડિટર અનપ્લગ્ડ: મીડિયા, મેગ્નેટ્સ, નેતાઝ એન્ડ મી' પ્રકાશિત કર્યું. આ પુસ્તકમાં દિલ્હીમાં સત્તાના માર્ગોમાં તેમના પોતાના અનુભવો જણાવ્યા છે. મેહતાએ આ પુસ્તકમાં નરેન્દ્ર મોદી, અરવિંદ કેજરીવાલ અને નહેરુ-ગાંધી વંશ અને ગઠબંધનનું રાજકારણ અને 2014ની લોકસભા ચૂંટણી વિશે તેમના વિચારો રજૂ કર્યા છે. વિનોદ મેહતાએ સન્ડે ઑબ્ઝર્વર, ઈંડિયા પોસ્ટ, ધ ઈંડિપેન્ડન્ટ, ધ પાયોનિયર (દિલ્હી આવૃત્તિ) અને આઉટલુક જેવાં સફળ પ્રકાશનોની શરૂઆત કરી.
- અમેરિકન સેનેટ દ્વારા એશ્ટન કાર્ટરની અમેરિકાના 35મા રક્ષા પ્રમુખ (સચિવ) તરીકે પસંદગી. કાર્ટર, ચક હેગલનું સ્થાન લેશે, જેમણે રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથેના મતભેદોની વચ્ચે નવેમ્બર 2014માં તેમના પદેથી રાજીનામું આપ્યુ હતું. એશ્ટન કાર્ટરને ભારત-અમેરિકા સંરક્ષણ, વેપાર અને ટેકનોલૉજી પહેલ (Defen e Te્રnologર and Trade Initiative-DTTI)ના પિતા તરીકે જોવામાં આવે છે, જેના પરિણામે બન્ને દેશ ચાર ટેક્નિકલ સુરક્ષા સાધનોનાં સહ-ઉત્પાદન અને સહ-વિકાસ માટે સહમત થયા હતા.
- ભારતે 290 કિમી સુધી લક્ષ્યને ભેદી શકવામાં સક્ષમ બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલનું નૌકાદળના વિનાશક જહાજ INS કોલકાતા થી સફળ પરીક્ષણ કર્યું. INS કોલકાતાની સૌથી વધુ બ્રહ્મોસ મિસાઇલ છોડી શકવાની ક્ષમતા છે. જ્યાં સામાન્ય રીતે એક જહાજની આઠ મિસાઇલો સતત છોડી શકવાની ક્ષમતા હોય છે, ત્યાં INS કોલકાતા સતત 16 બ્રહ્મોસ મિસાઇલો છોડી શકવા સક્ષમ છે. INS કોલકાતા સ્વદેશી ટેકનોલૉજી બનેલું દેશનું સૌથી મોટું યુદ્ધજહાજ છે. આ યુદ્ધજહાજનું આદર્શ વાક્ય છે – 'યુદ્ધાય સર્વસન્નદ્ધ' એટલે કે યુદ્ધ માટે હંમેશા તૈયાર રહેવું.

- અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગે તેમને પદ અને ગુપ્તતાનાં શપથ લેવડાવ્યા.
- અરવિંદ કેજરીવાલ બીજી વાર દિલ્હીના મુખ્યમંત્રી બન્યા. અરવિંદ કેજરીવાલ વ્યક્તિ તરીકે દિલ્હીના 7મા અને મુખ્યમંત્રીના કાર્યકાળની દ્રષ્ટિએ 10મા મુખ્યમંત્રી છે. મનીષ સિસોદિયાએ દિલ્હીના ઉપમુખ્યમંત્રી તરીકે શપથ લીધા. અન્ય મંત્રી : જીતેન્દ્ર તોમર : કાયદા વિભાગ, સત્યેન્દ્ર જૈન : આરોગ્ય અને ઉદ્યોગ વિભાગ, અસીમ અહમદ ખાન : ખાદ્ય પુરવઠા અને લઘુમતી બાબતો, સંદીપ કુમાર : મહિલા અને બાળ કલ્યાણ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

## ➢ 3rd week

- સૂર્યની સપાટી પર અત્યંત શક્તિશાળી વિસ્ફોટથી ઉત્પન્ન થતી સૌર જ્વાળાઓ અને તેનાથી પૃથ્વીના વાતાવરણ પર થનારી અસરોના અભ્યાસ માટે નાસાના ડીપ સ્પેસ ક્લાઇમેટ ઑબ્ઝર્વેટરી (The Deep Space Climate Ob ervatory-DSCOVR) ઉપગ્રહને સલામત રીતે લૉન્ચ કરવામાં આવ્યો. ઉપગ્રહને સ્પેસ એક્સના 'ફાંલ્કન રૉકેટ' દ્વારા લૉન્ચ કરવામાં આવ્યો. આ ઉપગ્રહ સૌર જ્વાળાઓના અભ્યાસ માટે નાસા દ્વારા 17 વર્ષ પહેલાં છોડાયેલ ઉપગ્રહનું સ્થાન લેશે. આ ઉપગ્રહ સૌર તોફાનો વિશેની જાણકારી એકત્રિત કરશે અને સૌર પવનમાં થતા ફેરફારોની દેખરેખ રાખશે. સાથે જ પૃથ્વીથી થનારાં વિનાશક વિસ્ફોટની પણ ચેતવણી આપશે. તે ભવિષ્યના ફેરફારોની આગાહી કરવામાં મદદ કરશે. DSCOVR ને સૂર્ય પૃથ્વી L1 લાગ્રેંગ બિંદુ પર પૃથ્વીથી 1500000 કિલોમીટરના અંતરે રાખવામાં આવશે. DSCOVRને NOAA, નાસા અને અમેરિકન વાયુદળે સંયુક્ત રીતે વિકસાવ્યો છે.
- ભારતીય સૉફ્ટવેર કંપની ઇન્ફોસિસે અમેરિકન ઑટોમેશન ટેક્નોલૉજી (automation technology) કંપની 'પનાયા' (Panaya)ને 20 કરોડ અમેરિકન ડૉલરમાં હસ્તગત

કરવાની જાહેરાત કરી. પનાયાની ક્લાઉડક્વોલિટીથી ઇન્ફોસિસને તેની સિસ્ટમમાં ઑટોમેશન લાવવામાં મદદ મળશે.

- કેન્દ્રિય આદિવાસી બાબતોનાં મંત્રી જુએલ ઓરામે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રમાં પ્રથમ રાષ્ટ્રીય આદિવાસી મેળા 'વનજ-2015'નું ઉદઘાટન કર્યું. વનજ-2015 એક સાપ્તાહિક રાષ્ટ્રીય આદિવાસી મહોત્સવ છે. આ સાપ્તાહિક મહોત્સવમાં સમગ્ર દેશના આદિવાસી લોકોની સંસ્કૃતિ, કલા, ચિત્રકલા, સંગીત, નૃત્ય, આદિવાસી દવાઓ, ખોરાક અને ખાસ કરીને આદિવાસી વાનગીઓની વિવિધતાને પ્રદર્શિત કરવામાં આવશે.
- પારલેના ઉત્પાદનોએ પોતાના દેશવ્યાપી કચરા મુક્ત અભિયાનની શરૂઆત કરી અને ગ્રાહકોને કચરો કચરાપેટીમાં નાંખવાની વિનંતી કરી. અભિયાનનો હેતુ સમાજ માટે અભ્યાસક્રમ બનાવવો અને ટીવી જાહેરાતોની શ્રેણી મારફતે સમગ્ર દેશમાં સકારાત્મક સંદેશ દ્વારા જાગૃતિ ફેલાવવાનો છે.
- ચીને પાકિસ્તાનમાં તેમનું સૌથી મોટું દૂતાવાસ ઇસ્લામાબાદમાં ખોલ્યું. ચીનનાં વિદેશમંત્રી વાંગ યીએ તેમની પાકિસ્તાન મુલાકાત દરમિયાન તેનું ઉદઘાટન કર્યું.
- જમૈકાના દોડવીર ઉસેન બોલ્ટે લંડનમાં વર્ષ 2017ની વર્લ્ડ ચેમ્પિયનશિપ પછી સંન્યાસ લેવાની જાહેરાત કરી. 28 વર્ષીય ઉસેન બોલ્ટ છ વખત ઓલમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા વર્ષ 2017 માં માત્ર 100 મીટર સ્પર્ધા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- RBIએ એક રૂપિયાની નોટને પાછી લાવવાનો નિર્ણય લીધો. આ નોટને સરકાર જ છાપશે. સરકારે નવેમ્બર 1995 પછી એક રૂપિયાની નોટોનું છાપકામ બંધ કર્યું હતું કારણકે તેની કિંમતના હિસાબે છાપવાનો ખર્ચ ઘણો વધુ થાય છે. ગુલાબી લીલા રંગની આ નોટો પર સામેની બાજુ અંગ્રેજીમાં "ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા" ની ઉપર "ભારત સરકાર" લખાયેલ હશે અને તેની પર ભારત સરકારના નાણાં સચિવની સહી હશે. તેમાં દરિયામાંથી તેલ કાઢતા રિગ સાગર સમ્રાટ નું ચિત્ર પણ છાપવામાં આવશે. વોટરમાર્કમાં વિન્ડોમાં અશોક સ્તંભ હશે જેમાં સત્યમેવ જયતે નહીં હોય અને કેન્દ્રમાં "1" લખાયેલ હશે આ નોટમાં 15 ભાષાઓમાં તેનું મૂલ્ય છાપવામાં આવશે. માત્ર એક રૂપિયાની નોટ પર જ નાણાં સચિવની સહી હોય છે. બાકીની બધી નોટો પર RBI ગવર્નરની સહી હોય છે.
- 35મી નેશનલ ગેમ્સમાં 1334 મેડલ આપવામાં આવ્યા જેમાં 405 ગોલ્ડ, 406 સિલ્વર અને 523 બ્રોન્ઝ મેડલ સામેલ હતા. સેનાએ નેશનલ ગેમ્સમાં સતત ત્રીજી વખત શીર્ષ સ્થાન પર રહેવાનો રેકોર્ડ બનાવ્યો. સેનાએ રાજા ભાલેન્દ્ર સિંઘ ટ્રોફી જીતી. 36મી નેશનલ ગેમ્સ વર્ષ 2016માં ગોવામાં યોજાશે. નેશનલ ગેમ્સની 33 સ્પર્ધાઓને રાજ્યના સાત જીલ્લાઓમાં 30 સ્થળોએ યોજવામાં આવી. પ્રથમ વાર નેશનલ ગેમ્સનું આયોજન એકથી વધુ જીલ્લાઓમાં કરવામાં આવ્યું. 35મી નેશનલ ગેમ્સ 31 જાન્યુઆરી 2015થી 14

www.crackgpsc.com

ફેબ્રુઆરી 2015 સુધી કેરળમાં યોજવામાં આવી. 35મી નેશનલ ગેમ્સના સદ્ભાવના રાજદૂત સચિન તેંડુલકર હતા.

- વિરાટ કોહલી ICC વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે સદી બનાવનાર પ્રથમ ભારતીય ક્રિકેટર બન્યા. તે પહેલાં ભારતીય બેટ્સમેન દ્વારા પાકિસ્તાન સામે વર્લ્ડ કપ મેચમાં સૌથી વધુ રન સચિન તેંડુલકર (98 રન) ના નામે હતો. આ સદીની સાથે કોહલી વન ડે મેચોમાં સૌથી ઝડપી 22 સદી બનાવવાળા બેટ્સમેન બની ગયા. તેમણે 143 દાવમાં 22 સદી બનાવી. આ પહેલાં આ રેકોર્ડ સચિન તેંડુલકરના નામે હતો, જેમણે 206 દાવમાં 22 સદી બનાવી હતી. કોહલી સિવાય માત્ર ચાર બેટ્સમેનોના નામે વન ડે મેચોમાં 22 કે તેનાથી વધુ સદી છે. આ યાદીમાં સચિન તેંડુલકર (49 સદી), રિકી પોન્ટિંગ (30 સદી), સનત જયસૂર્યા (28 સદી) અને સૌરવ ગાંગુલી (22 સદી) સામેલ છે.
- ભારતે 2015ની વર્લ્ડ કપની પોતાની પ્રથમ મેચમાં 300 રન બનાવ્યા જે પાકિસ્તાન સામે અત્યાર સુધીનો સૌથી ઊંચો સ્કોર છે. ભારતે આ મેચમાં પાકિસ્તાનને 76 રનથી હરાવ્યું.
- સુપ્રીમ કૉર્ટે CBIને ભારતીય રિઝર્વ બેંક (Reserve Bank of India-RBI) અને સેબી (Securities and Exchange Board of India-SEBI)ના કરોડો રૂપિયાના ચીટ ફંડ કૌભાંડની તપાસ કરવાની સૂચના આપી.
- સિંગાપુના રાષ્ટ્રપતિ ટોની ટેન કેન્ગ યામે ભારતની મુલાકાત લીધી. રાષ્ટ્રપતિ ટેને ભારતમાં સિંગાપુર મહોત્સવની પણ શરૂઆત કરી.
- માલદીવના વિદેશ મંત્રી દુન્યા મૌમૂને ભારતની મુલાકાત લીધી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અને એક બીજા સાથે દરિયાઇ સહયોગ વધારવાની પદ્ધતિઓ પર પણ ચર્ચા કરી. બે દરિયાઇ પાડોશીઓએ દ્વિપક્ષીય સંબંધોના 50 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે મહાસાગર વ્યૂહરચનાને પણ મજબૂત બનાવવા સંમતિ આપી. નવેમ્બર 2015માં ભારત અને માલદીવ દ્વિપક્ષીય સંબંધોના 50 વર્ષ પૂર્ણ થવા પર સમારંભ યોજવાના છે.
- મેરિલેબોન ક્રિકેટ ક્લબે (Marylebone Cricket Club-MCC) ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલી ને માનદ આજીવન સભ્યપદ આપ્યું. તેઓ જુલાઈ 2014થી MCC વર્લ્ડ ક્રિકેટ કમિટીના સભ્ય છે.
- સૌરવ ગાંગુલી 16 વર્ષ સુધી ભારત માટે રમ્યા બાદ વર્ષ 2012માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ પ્રકારેથી નિવૃત્ત થયા.
- બાલાસુબ્રમણ્યમ વેંકટરમણની મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) લિમિટેડનાં મેનેજિંગ ડિરેક્ટર (MD) અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર (CEO) તરીકે નિમણુક થઇ. તેમણે

www.crackgpsc.com

મનોજ વૈશ્યનું સ્થાન લીધું. આ નિમણૂંક પહેલાં વેંકટરમણ બોમ્બે સ્ટૉક એક્સચેન્જ (BSE)ના ચીફ બિઝનેસ ઑફિસર હતા.

- પાકિસ્તાન સરહદને અડીને આવેલ પંજાબના અલગોકોઠી ગામ/ ભિખીવિંડ (તરન-તારણ જીલ્લો)માં ભગવાન વિષ્ણુ ની પ્રાચીન મુર્તિ મળી. આ મૂર્તિની ખાસિયત એ છે કે કમળના ફૂલ પર વિષ્ણુ ઊભા છે જ્યારે તેમની મૂર્તિની સાથે જ 21 અન્ય દેવતાઓની મૂર્તિ છે. પુરાતત્વવિદો અનુસાર આ મૂર્તિ 1700 વર્ષ જૂની છે અને ગુપ્ત કાળની છે.
- નાગેશ કુકુનૂર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ધનક'ને 35મા બર્લિન ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં બે પુરસ્કાર મળ્યા. 'ધનકે' બેસ્ટ ફિચર ફિલ્મ માટે સ્પેશિયલ મેન્શન પુરસ્કાર જીત્યો. બેસ્ટ ફિચર ફિલ્મની કેટેગરીમાં ગ્રાન્ડ પ્રિક્સ ઑફ જનરેશન કેપ્લસ ઇન્ટરનેશનલ જ્યુરીથી સન્માનિત કરવામાં આવ્યા.
- ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતમાં એક જ દિવસમાં 56000 કેસનો નિકાલ કરવામાં આવ્યો.
- જાણીતા કાર્ટૂનિસ્ટ, કટારલેખક અને રાજકીય કાર્યકર્તા રાજીન્દર પુરીનું અવસાન થયું. રાજીન્દર પુરીને તેમના રાજકીય કટાક્ષ કાર્ટૂન માટે ઓળખવામાં આવે છે.
- છત્તીસગઢ સરકાર પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત. છત્તીસગઢ સરકારના જણાવ્યા અનુસાર રાજ્યમાં ઊર્જાનાં સંભવિત તમામ વૈકલ્પિક સ્ત્રોતોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ યોજનાઓ હેઠળ રાજ્યમાં રુફ-ટૉપ ઑફ ગ્રિડ સોલર એનર્જીના 45 મેગાવૉટના પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે, જેમને દેશમાં શ્રેષ્ઠ માનવામાં આવેલ છે. તેની સાથે સાથે છત્તીસગઢનાં અંદાજે 600 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, 100 સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, 350 પોલીસ મથકો અને લગભગ 1800 આદિવાસી છાત્રાલયો તથા રાજ્યના તમામ 27 જીલ્લાની કલેક્ટર કચેરીઓમાં વૈકલ્પિક વીજળીની સુવિધા તરીકે સૌર ઊર્જા પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. રાજ્યના દૂરસ્થ વિસ્તારોમાં આવેલાં લગભગ 1700 ગામડાઓને પણ સૌર ઊર્જાથી વિદ્યુતીકૃત કરવામાં આવ્યા છે. આવા ગામોમાં પીવાના પાણી માટે 3000 અને સિંચાઈ માટે 1500 સૌર ઊર્જા આધારિત પંપ લગાવવામાં આવ્યા છે.
- ભારત અને શ્રીલંકાએ નાગરિક પરમાણુ સહકાર, સાંસ્કૃતિક સહકાર અને ખેતી ક્ષેત્રે સહકાર માટે દ્વિપક્ષીય કરાર કર્યાં. આ કરાર પર શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરીસેનાની ભારત મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા. બંને દેશોએ વર્ષ 2015-18 માટે સાંસ્કૃતિક સહયોગના સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યા. નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના માટે સમજૂતીપત્ર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

www.crackgpsc.com

- ફ્રાન્સે ઈજીપ્ત સાથે 24 રાફેલ ફાઇટર પ્લેન વેચવાના કરાર પર હસ્તાક્ષર કર્યાં. આ કરાર 5.9 અબજ અમેરિકન ડૉલરમાં થયો, જે ફ્રાન્સ દ્વારા વિદેશોમાં રાફેલ ફાઇટર પ્લેન વેચવાનો પ્રથમ કરાર છે.
- બે વખત ટૂર ડી ફ્રાન્સ વિજેતા આલ્બર્ટો કોન્ટાડોરે વર્ષ 2016ના સત્ર પછી વ્યાવસાયિક સાઇક્લિંગથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી.
- અબજોપતિ મિશેલ ફરેરોનું અવસાન થયું. મિશેલ ફરેરો ઇટાલીના સૌથી ધનિક વ્યક્તિ હતા અને ગ્લોબલ ચોકલેટ અને કન્ફેક્શનરીના માલિક હતા. આ કન્ફેક્શનરીએ ન્યૂટેલા સ્પ્રેડ બનાવ્યું હતું. ન્યૂટેલાનું સૌથી મોટું બજાર જર્મની છે.
- કોલિન્ડા ગ્રેબર કિટરોવિકે ક્રોએશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. વર્ષ 1991માં યુગોસ્લાવિયાથી સ્વતંત્ર થયા પછી ક્રોએશિયાનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ અને કુલ ચોથાં રાષ્ટ્રપતિ છે. ક્રોએશિયામાં રાષ્ટ્રપતિનો કાર્ય સમયગાળો પાંચ વર્ષનો હોય છે અને કોઈ પણ રાષ્ટ્રપતિ બે કાર્યકાળથી વધુ સમય સુધી રાષ્ટ્રપતિના પદ પર રહી શકે નહીં.
- શહેરી વિકાસ મંત્રાલયે કેન્દ્ર સરકારની સ્માર્ટ શહેરની પહેલ (સ્માર્ટ સિટી ઇનિશિએટિવ) માટે બ્લૂમબર્ગ ફિલેનથ્રોપીઝ સાથે ભાગીદારી કરી.
- કેન્દ્રિય નાણાંમંત્રીએ પાંચ વર્ષ માટે ગ્રેફાઇટ ઇલેક્ટ્રોડ્ઝની આયાત પર એન્ટી-ડંપિંગ ચાર્જ લગાવ્યો. આ પગલાં પાછળ સરકારનો હેતુ સ્થાનિક ઉદ્યોગને ઓછી કિમતમાં ગ્રેફાઈટ ઇલેક્ટ્રોડસના લોડીંગથી સુરક્ષિત કરવાનો છે. ગ્રેફાઇટ ઇલેક્ટ્રોડ્ઝનો ઉપયોગ સ્ટીલને પીગાળવા માટે થાય છે. એન્ટી-ડંપિંગ ચાર્જ એ ચાર્જ છે જે સરકાર દ્વારા આયાતી વસ્તુઓ પર લગાવવામાં આવે છે જેનો ભાવ સામાન્ય કિંમત કે સ્થાનિક કિંમત કરતાં ઓછો હોય છે. તે વિશ્વ વ્યાપાર સંગઠન (World Trade Organization-WTO) હેઠળ લગાવવામાં આવે છે અને જુદા-જુદા દેશોમાં વિવિધ વસ્તુઓ માટે જુદો-જુદો હોય છે.
- ભારતે સસ્ટેઇનેબલ લાઇવલીહુડ્સ એન્ડ એડેપ્ટેશન ટુ ક્લાઇમેન્ટ ચેન્જ (Sú tainable Livelisood and Adaptation to Climate Csange-SLACC) પ્રોજેક્ટના ભંડોળ માટે વર્લ્ડ બેંક સાથે 8 મિલિયન અમેરિકન ડૉલરનો કરાર કર્યો.
- રિલાયન્સ કોમ્યુનિકેશને (RCom) માઇક્રો બ્લોગિંગ સાઇટ ટ્વિટર સાથે એક કરાર કર્યો. તે મુજબ રિલાયન્સ કોમ્યુનિકેશનના ગ્રાહક ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015 દરમિયાન ટ્વિટરનો મફત ઉપયોગ કરવાની સાથે સાથે તેનાથી જોડાયેલ પણ રહેશે.
- મ્યાનમારના નેય પાઈ તાઉમાં ભારત-મ્યાનમાર સંયુક્ત વેપાર સમિતિની 5મી બેઠક યોજાઇ ગઈ. ભારતના વેપાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) નિર્મલા સીતારમણે મ્યાનમારના કેન્દ્રિય વાણિજ્યમંત્રી યુ વિન મિન્ટ સાથે બેઠકનું સહ-નેતૃત્વ કર્યું. બેઠક દરમિયાન બન્ને દેશોએ પારસ્પરિક રીતે લાભદાયી સંબંધોને મજબૂત બનાવવા

www.crackgpsc.com

માટે વિશેષ રીતે બન્ને બાજુ કરવામાં આવતા રોકાણ, મૂળભૂત માળખાગત વિકાસ ખાસ કરીને વિસ્તૃત વેપાર, કનેક્ટિવિટી, કૃષિ, ઊર્જા, કૌશલ્ય અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ, દવાઓ અને બન્ને દેશોના લોકોની વચ્ચે સંપર્ક વધારવાના ક્ષેત્રે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આગામી સંયુક્ત વેપાર અને રોકાણ મંચ ચેન્નાઈમાં યોજવામાં આવશે.

- યુરોપ આધારિત RUAG એરોનોટિક્સ અને ટાટા ગ્રુપની TAL મેન્યુફેક્ચરિંગ સોલ્યુશને એરબસ 320ના ઉપકરણો પૂરા પાડવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યાં.
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદ પર સંયુક્ત દેખરેખ માટે સંમતિ થઇ.
- બહુભાષી ફિલ્મ નિર્માતા અને દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વિજેતા ડી રામાનાયડુનું અવસાન થયું. તેમની લોકપ્રિય ફિલ્મોમાં 'પ્રેમનગર', 'દિલદાર', 'બંદિશ', 'અનાડી', 'હમ આપકે દિલ મેં રહતે હે' અને 'પ્રેમ કેદી' વગેરે મુખ્ય છે. ડી રામાનાયડુએ ભારતીય સિનેમામાં સૌથી વધુ ફિલ્મો બનાવી ગીનીઝ બુક રેકોર્ડમાં પોતાનું નામ નોધાવ્યું છે.
- બિહાર રાજય સરકારે બિનરાજપત્રિત સરકારી નોકરીઓમાં મહિલાઓને 35 ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો.
- ભારતી એરટેલ લિમિટેડે યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (United Nation Cslldren' Fund-UNICEF) સાથે 17 આફ્રિકન દેશોમાં પોતાના ગ્રાહકો માટે આરોગ્ય, શિક્ષણ અને યુવા કેન્દ્રિત વસ્તુઓ પૂરી પાડવા માટે એક કરાર કર્યો.
- ભારતની પ્રથમ હવાની ગુણવત્તા ચકાસનારી મોબાઇલ એપ સફર-એર મહારાષ્ટ્રના પુણેમાં આવેલા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટ્રોપિકલ મેટ્રિઓલોજી (Indian In titute of Tropical Meteorology-IITM) માં શરૂ કરવામાં આવી. સફર હવાની ગુણવત્તા અને હવામાન આગાહીની સિસ્ટમ છે જે પ્રથમ વખત કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન વર્ષ 2010માં દિલ્હીમાં શરૂ કરવામાં આવી હતી. સફરના પ્રોજેકટ ડિરેક્ટર ગુફરાન બેગ છે. આ એપ્લિકેશન નાગરિકોને તેમના શહેરની હવાના પ્રદૂષણ સ્તરની સૂચના રિયલ ટાઇમમાં ઉપલબ્ધ કરાવવામાં સક્ષમ હશે.
- પુણેમાં આવેલી I-લીગ ફૂટબૉલ ક્લબ ભારત FCએ અંગ્રેજી ફૂટબૉલ ટીમના કોચ બેરી નોલ્સની પોતાના યુવા વિકાસ કાર્યક્રમના પ્રમુખ તરીકે નિમણુક કરી.
- ઑનલાઇન શૉપિંગ પોર્ટલ સ્નેપડીલ ડોટ કૉમે મોંઘી શ્રેણીની ફેશન પોર્ટલ એક્સક્લુઝિવલી ડોટ કૉમને હસ્તગત કરી. સ્નેપડીલના કુલ વેપારમાં અત્યારે ફેશન ઉત્પાદનનું યોગદાન 60% છે. આ હસ્તાંતરણ પછી એક્સક્લુઝિવલી ડોટ કૉમના સહ-સ્થાપક મોહિની બોપરાઈ-ગુલેરિયા સ્નેપડીલમાં જનરલ મેનેજર (ક્રિએટિવ અને કેટલૉગ) અને સંજય ગુલેરિયા એક્સક્લુઝિવલી ડોટ કૉમમાં જનરલ મેનેજર (બિઝનેસ) તરીકે જોડાયા.

- કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને (Employees' Provident Fund Organization-EPFO) પોતાના શેરહોલ્ડર્સને નિષ્ક્રિય ભવિષ્ય નિધિ ખાતાઓને શોધવામાં મદદ માટે એક ઑનલાઇન સહાય ડેસ્કની સ્થાપના કરી. તેની શરૂઆત કેન્દ્રિય શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી બાંદરૂ દત્તાત્રેયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૂચન અંતર્ગત શ્રમેવ જયતે કાર્યક્રમનાં હેઠળ કરી. તેનો હેતુ આવા ખાતામાં પડેલા ફંડનો અંતિમ નિકાલ કરવો કે શેરહોલ્ડર્સના નવા ખાતામાં ફંડને સ્થાનાંતરિત કરવાનો છે. આ ખાતામાં કુલ 27000 કરોડ રૂપિયા પડેલાં છે. આવા નિષ્ક્રિય ખાતાઓની સંખ્યા લગભગ 8.15 કરોડ છે.
- બીજુ જનતા દળ (Biju Janata Dal-BJD)નાં ઉપ-પ્રમુખ કાલિન્દી ચરણ બેહરાનું અવસાન થયું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના શ્રીગંગાનગર જીલ્લાના સુરતગઢ ગામમાં સોઇલ હેલ્થ કાર્ડ યોજનાની શરૂઆત કરી. આ યોજના ખેડૂતોને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જમીનનું વિશ્લેષણ કરવામાં મદદ કરશે. આ યોજનાનો હેતુ પોષક તત્વો અને ખાતરના યોગ્ય ઉપયોગથી ઉત્પાદનમાં સુધારો લાવી ખેડૂતોની મદદ કરવાનો છે. યોજના હેઠળ ત્રણ વર્ષમાં 14 કરોડ સોઇલ હેલ્થ કાર્ડ ઇસ્યુ કરવામાં આવશે. અંદાજે 3 કરોડ ખેડૂતોને નાણાંકીય વર્ષ 2014-15માં આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. આ સોઇલ હેલ્થ કાર્ડમાં તમામ પાયાની જાણકારી અને પાકની દ્રષ્ટિએ જરૂરી પોષક તત્વો કે ખાતરની જાણકારી હશે. તેમાં ઉત્પાદન વધારવા માટે જમીનના પ્રકાર અને તેના પર ઉગાડવામાં આવતા પાકના પ્રકારના આધારે જરૂરી ખાતર અને અન્ય જરૂરી માહિતી પણ હશે.
- મુંબઈમાં આવેલી પ્રમુખ દવા કંપની લ્યૂપીને પૉલેન્ડની સેલૉન ફાર્મા સાથે કરાર કર્યો. કરાર અંતર્ગત લ્યુપિન સેલૉન સાથે મળીને અસ્થમાની સારવારમાં ઉપયોગમાં લેવાતી ગેલેક્સોસ્મિથકેલાઇનની દવા એડવેર ડિસ્કસ (Advair Diskus)ની સામાન્ય આવૃત્તિ વિકસાવશે.
- ઉર્દૂ કવિ ડૉ. કલીમ અહમદ અઝીઝનું અવસાન થયું. મૃત્યુ સમયે અઝીઝ બિહાર સરકારમાં ઉર્દૂ સલાહકાર સમિતિના અધ્યક્ષ પદ પર સેવા આપતા હતા. તેઓ 1960 અને 70ના દાયકામાં સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ દિલ્હીના લાલ કિલ્લામાં દર વર્ષે યોજાતા મુશાયરામાં બિહારનું પ્રતિનિધિત્વ કરનાર એક માત્ર ઉર્દૂ કવિ હતા.
- મનોરમા ડોબરિયાલ શર્માનું અવસાન થયું. મનોરમા શર્મા ઉત્તરાખંડનાં પ્રથમ મહિલા રાજ્યસભા સાંસદ હતા.
- કેન્દ્ર સરકારે 8 અબજ અમેરિકન ડૉલરના ખર્ચવાળી પરિયોજના-17Aને મંજૂરી આપી. આ યોજનાનો હેતુ દેશમાં સૌથી અદ્યતન યુદ્ધજહાજોનું નિર્માણ કરવાનો છે. પરિયોજના-17A હેઠળ સાત યુદ્ધજહાજોનું નિર્માણ કરવાનું છે. આ યુદ્ધજહાજ અત્યાધુનિક પદ્ધતિથી તૈયાર

થશે અને રડાર દ્વારા પણ તેને શોધવાનું મુશ્કેલ હશે. પરિયોજના-17A હેઠળ મુંબઈ અને કોલકાતાના સરકારી જહાજ કારખાનામાં આ યુદ્ધજહાજોનું નિર્માણ કરવામાં આવશે. સરકારનો હેતુ હિન્દ મહાસાગરમાં ભારતીય નૌકાદળની ક્ષમતા વધારી ચીની નૌકાદળ સમાન બનાવવાનો છે. આ પરિયોજનાની મંજૂરી ચીની નૌકાદળની વધતી તાકાતની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે.



- બિહારના મુખ્યમંત્રી જીતન રામ માંઝીએ બિહાર વિધાનસભામાં વિશ્વાસમત મેળવ્યા પહેલાં જ રાજીનામું આપી દીધુ અને બિહાર વિધાનસભાનું વિઘટન કરવાની ભલામણ કરી. બિહારના રાજ્યપાલ કે.એન. ત્રિપાઠીએ તેમનું રાજીનામું સ્વીકારી લીધું. નિતિશ કુમારના રાજીનામા પછી જીતન રામ માંઝી બિહારના 23મા મુખ્યમંત્રી તરીકે જનતા દળ (યુનાઇટેડ) પાર્ટી દ્વારા ચૂંટાયા હતા. નીતિશ કુમારે લોકસભા ચૂંટણી 2014માં તેમની પાર્ટીના નબળા દેખાવ પછી મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યુ હતું. તે પહેલાં જીતન રામ માંઝી નિતિશ કુમારના મંત્રીમંડળમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણમંત્રી હતા.
- ભારતીય મૂળના અમેરિકન નાગરિક રશદ હુસૈનની અમેરિકામાં આતંકવાદ વિરોધી વ્યૂહાત્મક સંદેશાવ્યવહાર કેન્દ્રના વિશેષ દૂત અને સંયોજક તરીકે નિમણુક કરવામાં આવી. હુસૈન હાલમાં ઇસ્લામિક દેશોના સંગઠનમાં અમેરિકના વિશેષ દૂત છે. હુસૈન હિંસક ઉગ્રવાદનો સામનો કરવા માટે અને વિશ્વભરમાં વ્યુહાત્મક આતંકવાદ વિરોધી વ્યૂહાત્મક સંદેશાવ્યવહારને વિકસાવવા માટે અમેરિકા વિભાગો અને એજન્સીઓનું નેતૃત્વ કરશે. આતંકવાદ વિરોધી વ્યૂહાત્મક સંદેશાવ્યવહાર કેન્દ્ર વર્ષ 2010માં સ્થાપવામાં આવ્યુ હતું.
- ભારતે પરમાણુ શસ્રો લઇ જવામાં સક્ષમ અને સપાટીથી સપાટી પર માર કરી શકે એવી પોતાની સ્વદેશી મિસાઇલ પૃથ્વી 2નું સફળ પરીક્ષણ કર્યું. પૃથ્વી 2 મિસાઇલ 500 કિલોગ્રામથી 1000 કિલોગ્રામ સુધી પરમાણુ અને પરંપરાગત બન્ને હથિયાર લઇ જવામાં સક્ષમ છે. પૃથ્વી 2ની મારક ક્ષમતા 350 કિલોમીટર છે.




www.crackgpsc.com

- ભારત અને અમેરિકાએ પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય બહુપક્ષીય મુદ્દાઓ પર પોતાની પ્રથમ દ્વિપક્ષીય મંત્રણાનું આયોજન વૉશિંગ્ટનમાં કર્યું. બન્ને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી, શાંતિ અભિયાનો, દરિયાઇ ચોરી પર ધ્યાન, પોસ્ટ 2015 વિકાસ એજન્ડા, સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ અને પારસ્પરિક હિતની અન્ય બાબતો પર **મંત્રણા થઇ.**
- ફિલ્મ નિર્માતા-નિર્દેશક નીરદ નારાયણ મહાપાત્રાનું અવસાન થયું. નીરદ નેશનલ ફિલ્મ જ્યૂરીના સભ્ય હતા. તે સિવાય ઘણી વાર ભારતીય પેનોરમાની પસંદગી પેનલના સભ્ય પણ રહ્યા.
- આસામના મુખ્યમંત્રી તરુણ ગોગઈએ મજબૂત અર્થતંત્રમાં પ્રવેશ કરવા માટે આસામ અને અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યો (NE) માટે નેયુરોનોમિક્સની હિમાયત કરી. નેયુરોનોમિક્સનો અર્થ છે પ્રદેશમાં સતત વિકાસ માટે પ્રકૃતિ અને અર્થવ્યવસ્થાનું યોગ્ય મિશ્રણ. તેના હેઠળ સરકારને ચા, વાંસ, ફૂડ પ્રોસેસિંગ અને અન્ય કૃષિ આધારિત ઉદ્યોગોને રાજ્યના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહિત કરવા માટે પૂરતું પ્રોત્સાહન આપવું પડશે. તેમણે આ શબ્દનો ઉપયોગ જોરહાટમાં પ્રથમ આસામ આંતરરાષ્ટ્રીય વેપાર અને ઔદ્યોગિક મેળામાં ભાષણ વખતે કર્યો.
- વૈજ્ઞાનિક તપન મિશ્રાની ભારતીય અવકાશ સંશોધન સંગઠન (Indian Space Research Organization -ISRO) ના સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC) અમદાવાદના નિર્દેશક તરીકે નિમણુક કરવામાં આવી. તપન મિશ્રાએ એ એસ કિરણ કુમારનું સ્થાન લીધું.
- કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (Communist Party of India-CPI)ના નેતા અને મહારાષ્ટ્રમાં રોડ ટોલ ટેક્સ સામે ઝુંબેશનું નેતૃત્વ કરી રહેલા ગોવિંદ પન્સારેની ગોળી મારી હત્યા કરવામાં આવી.
- ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતે પ્રથમ વખત દક્ષિણ આફ્રિકાને 130 રનથી હરાવ્યું, 137 રન બનાવનાર શિખર ધવન મેન ઑફ ધ મેચ જાહેર.
- સોમદેવ દેવવર્મને યુકી ભાંબરીને હરાવી દિલ્હી ઓપન ટેનિસ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- સરકાર દેશના 12 પ્રમુખ બંદરોની આસપાસ એક-એક સ્માર્ટ શહેર વિકસાવવાની એક મહત્વાકાંક્ષી યોજના પર કામ કરી રહી છે જેના પર અંદાજિત કુલ 50,000 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.
- ૨૯મો સુરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો 1 ફેબ્રુઆરી 2015 થી 15 ફેબ્રુઆરી 2015 સુધી સુરજકુંડ, ફરીદાબાદ (હરિયાણા) માં ઉજવવામાં આવ્યો.

કરંટ શતક
Most Imp કરંટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

www.crackgpsc.com

- થાઇલેન્ડની સંસદે (નેશનલ લેજીસ્લેટિવ એસેમ્બલી) એક એવો કાયદો પસાર કર્યો છે, જેના અંતર્ગત વિદેશી યુગલો પર થાઇ મહિલાઓ દ્વારા સંતાનના જન્મ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.
- ભારતીય મૂળના અમેરિકન પુર્ણેન્દુ દાસગુપ્તાને રસાયણ વિજ્ઞાન ક્ષેત્રમાં યોગદાન આપવા માટે ટેક્સાસ (અમેરિકા)માં વર્ષ 2015ના 'અમેરિકન કેમિકલ સોસાયટી ડિવીઝન ઓફ એનાલિટિકલ કેમેસ્ટ્રી જે કેલવિન ગિડિંગ્સ એવોર્ડ' (રસાયણ શાસ્ત્ર પુરસ્કાર)થી સન્માનિત કરવામાં આવ્યા. પુર્ણેન્દુ દાસગુપ્તા ટેક્સાસ વિશ્વવિદ્યાલયમાં પ્રોફેસર છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ 21 ફેબ્રુઆરી 2015ના દિવસે ઉજવવામાં આવ્યો. ફેબ્રુઆરી 2000થી દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે.
- ભૂતપૂર્વ ભારતીય સુકાની અનિલ કુંબલે અને ઓસ્ટ્રેલિયાના બેટ્ટી વિલ્સનને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સમિતિના હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા. કુંબલે અને વિલ્સન હોલ ઓફ ફેમમાં સામેલ થનારા 77મા અને 78મા સભ્ય છે. કુંબલે સુનીલ ગાવસ્કર, કપિલ દેવ અને બિશન બેદી પછી આ એલિટ ક્લબમાં સામેલ થનારા ચોથા ભારતીય છે. બેલિન્ડા ક્લાર્ક પછી વિલ્સન હોલ ઓફ ફેમમાં સામેલ બીજી ઓસ્ટ્રેલિયન મહિલા છે. વિલ્સનને આ સન્માન મરણોપરાંત આપવામાં આવ્યું. અનિલ કુંબલેએ પોતાની ટેસ્ટ કેરિયરમાં 619 ટેસ્ટ વિકેટ લીધી અને તેઓ મુથૈયા મુરલીધરન (800) અને શેન વોર્ન (708) પછી વિશ્વમાં સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનાર ત્રીજા બોલર છે. બેટ્ટી વિલ્સનને સૌથી મહાન મહિલા ક્રિકેટરોમાંના એક માનવામાં આવે છે. વર્ષ 1957માં તેઓ એક ટેસ્ટ મેચમાં 10 વિકેટ અને એક સદી બનાવનાર પ્રથમ ક્રિકેટર (પુરુષ કે મહિલા) બન્યાં.
- જનતા દળ યુનાઇટેડના નેતા (JDU) નીતીશ કુમારે બિહારના ૩૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. બિહારના રાજ્યપાલ કેસરી નાથ ત્રિપાઠીએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. નીતીશ કુમાર સાથે કુલ 22 મંત્રીઓએ પણ શપથ લીધા. બિહારના મુખ્યમંત્રી તરીકે નીતીશકુમારે જીતન રામ માંઝીનું સ્થાન લીધું. નીતીશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકે ચોથી વખત મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યો.
- ભારતીય ગોલ્ફર અનિર્બાન લાહિડીએ દિલ્હી ગોલ્ફ ક્લબમાં ઇન્ડિયન ઓપન ખિતાબ જીત્યો.
- ૧૦મો એરો ઈન્ડિયા શો કર્ણાટકના બેંગલુરુમાં આવેલા યેલાહંકા વાયુ સેના સ્ટેશનમાં પૂર્ણ થયો. ભારત અને વિદેશોની 700થી વધુ કંપનીઓ અને 109 દેશોના પ્રતિનિધિઓએ આ પ્રદર્શનમાં ભાગ લીધો.

## ➢ 4th week

- માલદીવના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદની ધરપકડ કરવામાં આવી. તેમની આતંકવાદ વિરોધી કાયદા હેઠળ એક કોર્ટના નિવેદન પછી ધરપકડ કરવામાં આવી જેમા જણાવાયુ હતું કે તે આતંકવાદના આરોપમાં સુનાવણીથી બચવા માટે તેઓ દેશ છોડી ભાગી શકે છે. તેમની પર 2012માં ક્રિમીનલ કોર્ટના ન્યાયાધીશ અબ્દુલ્લા મોહમ્મદની ધરપકડ કરવાનો આરોપ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા મધ્યપ્રદેશને સતત બીજી વખત વર્ષ 2012-13માં કુલ અનાજ ઉત્પાદન વૃદ્ધિની શ્રેણીમાં 'કૃષિ કર્મણ એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી. વર્ષ 2010-11માં કૃષિ કર્મણ પુરસ્કારના આરંભ પછી અનાજ ઉત્પાદન શ્રેણીમાં સતત બીજી વખત કૃષિ કર્મણ પુરસ્કાર પ્રાપ્ત કરનાર મધ્યપ્રદેશ દેશનું પ્રથમ રાજ્ય છે. આ પ્રથમ વખત છે જયારે મધ્યપ્રદેશે ઘઉંની સાથે સાથે ચોખા અને કઠોળ ત્રણેયમાં દેશમાં શ્રેષ્ઠ વૃદ્ધિ પ્રાપ્ત કરી છે. પ્રદેશમાં 2012-13માં 277 લાખ મેટ્રિક ટન અનાજ ઉત્પાદન સાથે મધ્યપ્રદેશ દેશમાં પ્રથમ સ્થાને છે.
- સેમસંગે અમેરિકાની મોબાઇલ વૉલેટ સ્ટાર્ટઅપ લૂપપેને હસ્તગત કરી. આ હસ્તગતનો હેતુ એપલ ઇન્કના એપલ પે સાથે સ્પર્ધા માટે સ્માર્ટફોન પેમેન્ટ સેવા શરુ કરવાનો છે.
- મેન્યુઅલ વાલ્સના નેતૃત્વવાળી ફ્રાન્સની સમાજવાદી પાર્ટીએ બજારના સુધારા પર વિશ્વાસ મત જીતી લીધો.
- કેન્દ્ર સરકારે દૂતાવાસ સંબંધિત ફરિયાદો દૂર કરવા માટે 'મદદ' નામની એક ઓનલાઇન ફરિયાદોની મોનીટરીંગ સિસ્ટમની શરૂઆત કરી. તેને નવી દિલ્હીમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ દ્વારા શરુ કરવામાં આવી. 'મદદ' ભારતીય મિશનો, વાણિજ્ય દૂતાવાસ અને દૂતાવાસ દ્વારા ભારતીય નાગરિકોને આપવામાં આવતી સેવાઓ પર ઓનલાઇન દૂતાવાસ સંબંધિત ફરિયાદોને નોંધવામાં મદદ કરવા માંગે છે.
- રાજસ્થાન સુપ્રીમ કોર્ટે પોતાના એક નિર્ણયમાં સ્કૂલ-કૉલેજ ખોલવા માટે શૌચાલય હોવાની ફરજીયાત શરત બતાવી. ન્યાયાલયે શૌચાલય વિના સ્કૂલ-કૉલેજ ખોલવા પર સરકાર દ્વારા આ માન્યતા અને મંજૂરી નહિ આપવાની સૂચના આપી. તે સાથે જ ન્યાયાલયે તમામ સ્કૂલોમાં કર્મચારી, વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ત્રણેય માટે અલગ શૌચાલય બનાવવા અને એક મહિનામાં રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ પંચની નિમણુક કરવાની સૂચના આપી.

કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત
www.crackgpsc.com

- ભારત અને ઇન્ડોનેશિયાના સૈનિકોની વચ્ચે સંયુક્ત સેના અભ્યાસ 'ગરુડ શક્તિ-3' (GARUDA SHAKTI-III) મિઝોરમમાં પૂર્ણ થયો. ગરુડ શક્તિ 3 નામનો આ અભ્યાસ બન્ને દેશોની સેનાઓ વચ્ચે સંયુક્ત અભ્યાસોમાં ત્રીજો અભ્યાસ છે. તેનો હેતુ બન્ને દેશો દ્વારા આતંકવાદ અને ઉગ્રવાદ વિરોધી અભિયાનોના પોતાના અનુભવોને વહેંચવાનો અને આતંકી ડરને નાબૂદ કરવાનો છે.
- **યુથ અફેર્સ અને સ્પોર્ટ્સ મીનીસ્ટ્રી**, ભારત સરકાર દ્વારા રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર, અર્જુન પુરસ્કાર, ધ્યાનચંદ પુરસ્કાર અને દ્રોણાચાર્ય પુરસ્કાર યોજનાઓમાં સુધારો કરવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટ/હાઇ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અર્જુન પુરસ્કારની પસંદગી સમિતિના પ્રમુખ હશે. પેરા સ્પોર્ટ્સના પ્રતિષ્ઠિત ખેલાડી/રમત સંચાલન/રમત વિશેષજ્ઞ અર્જુન પુરસ્કારોની પસંદગી સમિતિના સભ્ય હશે. પસંદગી સમિતિની કાર્યપ્રણાલીની વિડીયોગ્રાફી કરવાની જોગવાઇ કરવામાં આવી છે.
- ભારત અને નેપાળ વચ્ચે 8મી બટાલિયન સ્તરનો સંયુક્ત સૈનિક તાલીમ અભ્યાસ સૂર્ય કિરણ VIII એકીકૃત સૈનિક તાલીમ કેન્દ્ર સાલઝંડી, નેપાળમાં શરુ.
- ત્રીજો કાચબા મહોત્સવ આસામના દીમા હસો જીલ્લાના હાજોન્ગ સરોવરમાં યોજવામાં આવ્યો. હાજોન્ગ સરોવર વિવિધ પ્રકારના કાચબાઓનું વસવાટ સ્થળ છે. આ સરોવર આસામનું એક માત્ર પ્રાકૃતિક કાચબા ઘર છે. હાજોન્ગ સરોવર કાચબા સરોવરના નામથી લોકપ્રિય છે અને તે હિલ ટેરાપિન્સ કાચબાઓ (એક દુર્લભ પ્રજાતિ)નું પણ વસવાટ સ્થળ છે.
- રાંચી રેઝે જેપી પંજાબ વારિયર્સને હરાવીને હીરો હોકી ઈન્ડિયા લીગ ટુર્નામેન્ટ 2015નો ખિતાબ જીત્યો. આ હીરો હોકી ઈન્ડિયા લીગ હોકી ટુર્નામેન્ટનું ત્રીજું સત્ર હતું. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની સહારા ગ્રુપ સાથે રાંચી રેઝ ફ્રેન્ચાઇઝીના સહ-માલિક છે.
- વિજ્ઞાન અને પર્યાવરણ કેન્દ્રે (Centre for Science and Environment-CSE) હીટ ઓન પાવર નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો. રિપોર્ટમાં ભારતીય કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટને વિશ્વનો સૌથી અસમર્થ ઊર્જા સ્રોત ગણાવ્યો છે. દિલ્હીમાં NTPCનો બદરપુર પ્લાન્ટ દેશમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતો પ્લાન્ટ છે. રિપોર્ટના પ્રકાશન સમયે ટોચનાં ત્રણ વિદ્યુત પ્લાન્ટને તેમના પર્યાવરણના પ્રદર્શન માટે સન્માનિત કરવામાં આવ્યા. અન્ય બેને ઊર્જા અને પાણી તરીકે સંસાધનોના કુશળ ઉપયોગ માટે પુરસ્કાર આપવામાં આવ્યો. ટાટા-મુંદ્રા ગુજરાતે સૌથી વધુ ઊર્જા કાર્યક્ષમતા રાખવા માટે

www.crackgpsc.com

પુરસ્કાર પ્રાપ્ત કર્યો અને ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ, સુરતે સૌથી ઓછા પાણીના ઉપયોગ માટે પુરસ્કાર જીત્યો.

- **ઓસ્કાર એવોર્ડ ૨૦૧૫**

  87મો એકેડેમી એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. એકેડેમી એવોર્ડને ઓસ્કાર એવોર્ડ પણ કહેવામાં આવે છે. પુરસ્કાર સમારંભ લોસ એન્જેલેસમાં હોલીવુડના ડોલ્બી થિયેટરમાં યોજવામાં આવ્યો. વર્ષ 2015ના ઓસ્કાર એવોર્ડ 24 કેટેગરીમાં મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ એકેડેમી (Academy of Motion Picture Arts and Sciences-AMPAS) દ્વારા આપવામાં આવ્યા.

- 87મા એકેડેમી એવોર્ડના વિજેતા:

  શ્રેષ્ઠ ફિલ્મ: બર્ડમેન

  **શ્રેષ્ઠ નિર્દેશક: એલેહેન્દ્રો ગોંસાલેસ ઇનયારિટ્ટ (ફિલ્મ 'બર્ડમેન')**

  શ્રેષ્ઠ અભિનેતા: એડ્ડી રેડમાયને ('ધ થિયરી ઓફ એવરીથીંગ')

  **શ્રેષ્ઠ અભિનેત્રી: જૂલિયન મૂર**

  શ્રેષ્ઠ સહાયક અભિનેતા: જેકે સિમન્સ (વ્હિપ્લેશ)

  શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી: પેટ્રીસિયા એર્ક્વેટ (બોયહૂડ)

  શ્રેષ્ઠ સ્ક્રીનપ્લે: ફિલ્મ 'બર્ડમેન'

  શ્રેષ્ઠ એનિમેટેડ ફિચર ફિલ્મ: 'બિગ હીરો 6'

  શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી: બર્ડમેન માટે એમ્માન્યુએલ લ્યુબેઝ્કી

- ભારતીય સેના અને ભારતીય સ્ટેટ બેંક વચ્ચે પેકેજ સંબંધિત એક MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. સુધારેલ MOUને કાર્ય કરી રહેલા સૈનિકો, પેન્શનરો અને કુટુંબોની જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં આવ્યું. MOUમાં અનેક નિ:શુલ્ક/છૂટની સેવાઓ જેવી કે નિ:શુલ્ક ડ્રાફ્ટ, નિ:શુલ્ક ચેકબુક, RTGS/NEFT દ્વારા ભારતમાં કોઈ પણ બેંકમાં નિ:શુલ્ક ફંડ ટ્રાન્સફર, નિ:શુલ્ક ATM કાર્ડ વગેરે સામેલ છે.

- પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ રાણા ભગવાનદાસનું અવસાન. ન્યાયમૂર્તિ ભગવાનદાસ પાકિસ્તાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું પદ સંભાળનાર પ્રથમ હિંદુ અને બીજા બિન મુસ્લિમ વ્યક્તિ હતા. પ્રથમ બિન મુસ્લિમ મુખ્ય ન્યાયાધીશ એલ્વિન રોબર્ટ કોર્નેલિયસ (ખ્રિસ્તી) હતા.

- હિટાચી લિમિટેડે 2 અબજ અમેરિકન ડોલરમાં ફિનમેકેનિકા રેલ વ્યવસાયને હસ્તગત કરવાની જાહેરાત કરી. હિટાચી જાપાનની એક મલ્ટીનેશનલ ગ્રુપની કંપની છે.

www.crackgpsc.com

- આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્ય રામનિવાસ ગોયલને સર્વાનુમતે દિલ્હી વિધાનસભા અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. આ દિલ્હીની છઠ્ઠી વિધાનસભા છે. વિધાનસભા ઉપાધ્યક્ષ ચૂંટાયેલ બંદના કુમારી આપના મહિલા એકમના અધ્યક્ષ છે.
- જાતીય સતામણીના આરોપથી ઘેરાયેલા ડૉ. રાજેન્દ્ર કુમાર પચૌરીએ ઇન્ટરનેશનલ પેનલ ઓન કલાઈમેટ ચેન્જ (IPCC) ના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું. પચૌરીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મૂનને મોકલાવેલ પોતાના પત્રમાં સંસ્થાને મજબૂત નેતાગીરી પૂરી પાડવામાં અક્ષમતા વ્યક્ત કરી. હાલમાં પચૌરી ઊર્જા અને સંસાધન સંસ્થા (The Energy and Resources Institute-TERI)ના ડીરેક્ટર જનરલ તરીકે કાર્યરત છે અને આબોહવા પરિવર્તન પર વડાપ્રધાનની પરિષદના સભ્ય છે.
- પચૌરીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મૂનને મોકલાવેલ પોતાના પત્રમાં સંસ્થાને મજબૂત નેતાગીરી પૂરી પાડવામાં અક્ષમતા વ્યક્ત કરી. હાલમાં પચૌરી ઊર્જા અને સંસાધન સંસ્થા (The Energy and Resources Institute-TERI)ના ડીરેક્ટર જનરલ તરીકે કાર્યરત છે અને આબોહવા પરિવર્તન પર વડાપ્રધાનની પરિષદના સભ્ય છે.
- ક્રિસ્ટન સ્ટીવર્ટે ફ્રાન્સના સીઝર એવોર્ડ્સમાં શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર જીત્યો. તેમને આ પુરસ્કાર 'ક્લાઉડ ઑફ સિલ્સ મારિયા'માં તેમના અભિનય માટે આપવામાં આવ્યો. આ સાથે જ તેઓ ફ્રાન્સના સીઝર પુરસ્કારની ટ્રોફી જીતનાર પ્રથમ અમેરિકન અભિનેત્રી બની ગયાં છે.
- તાકાહીરો હશિગોની જાપાનની ઑટોમોબાઇલ કંપની હોન્ડા મોટર કંપની લિમિટેડના અધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી (Chief Executive Officer-CEO) તરીકે નિયુક્તિ. તેમની નિમણુક જૂન 2015થી અમલમાં આવશે.. તે તાકાનોબૂ ઇતોનું સ્થાન લેશે જેમણે તેમના પદેથી રાજીનામું આપ્યું હતું. આ નિમણુક પહેલાં હશિગો હોન્ડા મોટર કંપની લિમિટેડના મેનેજિંગ ઑફિસર હતા.
- રાજ્યસભાએ બંધારણ (અનુસૂચિત જાતિ) હુકમ સુધારા ખરડો, 2014ને એક ધ્વનિમતથી પસાર કર્યો. આ ખરડામાં ત્રણ રાજ્યો હરિયાણા, કર્ણાટક, ઓરિસ્સા અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ- દાદરા અને નગર હવેલીમાં અનુસૂચિત જાતિઓની યાદીમાં સુધારો કરવાની જોગવાઇ છે.
- સંયુક્ત રાજ્ય અમેરિકાએ 26 મે 2015થી H-1B વિઝા ધારકોના જીવનસાથીને વર્ક પરમિટની મંજૂરી આપવાની જાહેરાત કરી.
- યુનાઇટેડ કિંગડમ (United Kingdom-UK)ના હાઉસ ઑફ લૉર્ડ્સે ત્રણ લોકોના DNAનો ઉપયોગ કરી બાળકના જન્મને મંજૂરી આપી છે. તેની સાથે જ યુનાઇટેડ કિંગડમ માઈટોકોન્ડ્રીયલ DNA ટેક્નોલૉજીનો ઉપયોગ કરી ત્રણ-માતા પિતાવાળા IVF ડિઝાઇનર

બાળકોના જન્મને કાયદેસર બનાવનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. આ પ્રકારના પ્રથમ બાળકનો જન્મ 2016માં થશે.

- કેન્દ્રિય સાંસ્કૃતિક મંત્રાલયે વર્ષ 2015-16 દરમિયાન ભારત મહોત્સવને વિદેશોમાં દક્ષિણ કોરિયા, ઑસ્ટ્રેલિયા, મૉરેશિયસ અને મ્યાનમારમાં યોજવાનો નિર્ણય કર્યો.
- સ્વચ્છ ભારત અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે 10 રાજ્યો માટે 460 કરોડ રૂપિયા મંજૂર કર્યાં. ગુજરાતને 40.95 કરોડ રૂપિયા ફાળવ્યા. શહેરી વિસ્તારોમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ વર્ષ 2018 સુધી 1.04 કરોડ ઘરોમાં શૌચાલય બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.
- ગૂગલે ફેસબુકની મોબાઇલ માર્કેટિંગ સ્ટાર્ટઅપ ટોરોને હસ્તગત કરી છે. ટોરો ફેસબુક પર તેના અભિયાન માટે જાણીતી છે. હવે ટોરો ફેસબુક પર કામ કરશે નહીં.




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળા કેન્દ્રિય મંત્રીમંડળના બ્રિક્સ દેશો – બ્રાઝીલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકામાં મૂળભૂત સુવિધાઓ અને વિકાસ પરિયોજનાઓનું ફંડ તૈયાર કરવા માટે બ્રિક્સ નવી વિકાસ બેંક (New Development Bank-NDB) અને બ્રિક્સ આકસ્મિક અનામત વ્યવસ્થા (BRICS Contingent Reserve Arrangement-CRA, સીઆરએ) ની સ્થાપનાને મંજૂરી આપી. એક પ્રકારે આ બેંક વિશ્વ બેંકની જેમ કામ કરશે.
- ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ (Telecom Regulatory Authority of India, TRAI ટ્રાઈ) ટેલીકોમ્યુનીકેશન મોબાઇલ પોર્ટેબિલિટી રેગ્યુલેશન 2009 (Telecommunication Mobile Number Portability Regulation 2009)ને લગતો છઠ્ઠો ડ્રાફ્ટ સુધારો બહાર પાડ્યો. મોબાઇલ ઉપયોગકર્તા 3 મે 2015થી દેશમાં ગમે ત્યાં પોતાના સર્વિસ પ્રોવાઇડર બદલીને પણ પોતાનો નંબર જાળવી રાખી શકશે એટલે કે હવે 3 મે 2015થી મોબાઇલ નંબરની સમગ્ર દેશમાં પોર્ટેબિલિટી પૂર્ણ રીતે અમલમાં આવશે.
- ચીનની પીકિંગ યુનિવર્સિટી અને એરિઝોના યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રીઓના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોની એક આંતરરાષ્ટ્રીય ટીમે 12 અબજ સૌર દળના મોટા બ્લેક હોલ ક્વેસર SDSS J0 100 + 2802 ની શોધ કરી. SDSS J0100 + 2802 નામનો ક્વેસર પૃથ્વીથી 12.8 અબજ પ્રકાશ વર્ષના અંતરે છે. આ ક્વેસરમાં 420 લાખ કરોડ (ટ્રિલિયન) સૂર્યનો પ્રકાશ છે. આ ક્વેસર સૌથી દૂર ક્વેસરથી સાત ગણો તેજસ્વી છે જે 13 અબજ વર્ષ દૂર છે. ક્વેસરની વર્ષ 1963માં શોધ કરવામાં આવી. ક્વેસર મિલ્કી વે આકાશગંગાથી બહારનો સૌથી શક્તિશાળી પદાર્થ છે. અત્યાર સુધી ખગોળશાસ્ત્રી 200000થી વધુ ક્વેસરની શોધ કરી ચૂક્યા છે જેમની વય બિગ બેંગ પછી અત્યાર સુધી 0.7 અબજ છે.

- રતન ટાટાને દક્ષિણ કેરોલિના મોટર વાહન શિખર સમ્મેલનમાં ક્લેમસન યુનિવર્સિટી દ્વારા ઑટોમોટિવ એન્જીનિયરીંગમાં ડૉક્ટરેટની માનદ પદવીથી સન્માનિત કરવામાં આવ્યા. તેમને વૈશ્વિક ઑટોમોટિવ ઉદ્યોગમાં તેમના યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા. રતન ટાટા ટાટા ગ્રુપના ભૂતપૂર્વ અધ્યક્ષ છે.
- સેલ્ફ ડ્રાઇવ કાર શેરિંગ કંપની ઝૂમકારે વાહન નિર્માતા કંપની ટાટા મોટર્સ લિમિટેડથી પોતાના કાફલામાં 50થી વધુ નવી નેનો કારને ઉમેરવા માટે કરાર કર્યા. ઝૂમકારને 2013માં ગ્રેગ મૉર્ગન અને ડેવિડ બેક દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. ઝૂમકાર એક સેલ્ફ ડ્રાઇવ કાર શેરિંગ કપની જે થોડા કલાકો, દિવસ, અઠવાડીયા કે મહિનાઓ માટે કારને ભાડા પર આપે છે.
- ફોર્બ્સની એશિયાની 50 પ્રભાવશાળી મહિલા ઉદ્યોગ સાહસિકોની યાદી (Asia's 50 Power Businesswomen 2015) માં છ ભારતીય મહિલા ઉદ્યોગસાહસિકોને સામેલ કરી છે. (1) અરુંધતી ભટ્ટાચાર્ય, અધ્યક્ષ, સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, (2) ચંદા કોચર, CEO, ICICI બેંક, (3) અખિલા શ્રીનિવાસન. MD/નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, શ્રીરામ લાઇફ ઇન્શ્યોરન્સ/શ્રીરામ કેપિટલ, (4) કિરણ મજૂમદાર શૉ, સંસ્થાપક, અધ્યક્ષ અને વ્યવસ્થા નિર્દેશક (મેનેજિંગ ડિરેક્ટર), બાયોકૉન, (5) શિખા શર્મા, CEO અને MD, એક્સિસ બેંક, (6) ઉષા સાંગવાન, MD, ભારતીય જીવન વીમા નિગમ.
- ટેક્સાસની ડિસ્ટ્રિક્ટ કોર્ટે ટેક્નોલૉજી કંપની એપલ પર પેટન્ટ ભંગ કેસમાં 532.9 મિલિયન ડૉલરનો દંડ ફટકાર્યો. જ્યૂરીએ નિર્ણય લીધો કે એપલના આઈ ટ્યૂન્સ સૉફ્ટવેરે સ્માર્ટફ્લેશથી સંબંધિત ત્રણ પેટંટોનો ભંગ કર્યો છે. આ પેટંટોનું લાઇસન્સ સ્માર્ટફ્લેશ પાસે હતું.
- હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માસ્ટર હુકમ સિંઘનું નિધન.
- ઑસ્ટ્રેલિયાની મોનાશ યુનિવર્સિટી અને અમૈરો એન્જીનિયરીંગ કંપનીના સંશોધકોએ વિશ્વના પ્રથમ 3 D- પ્રિન્ટેડ જેટ એન્જિનની શરૂઆત કરી. આ પ્રકારનું આ પ્રથમ 3D પ્રિન્ટેડ જેટ એન્જિન છે.



- કેન્દ્રિય નાણાંમંત્રી અરુણ જેટલીએ આર્થિક સર્વેક્ષણ 2014-15 લોકસભામાં રજૂ કર્યું. નાણાંકીય વર્ષ 2015-16માં દેશનો વિકાસ દર 8.1-8.5% સુધી રહેવાનો અંદાજ. નાણાંકીય વર્ષ 2015-16માં કૃષિ વિકાસ દર 4%ના પૂર્વનિર્ધારિત લક્ષ્યથી ઓછો રહેવાનો અંદાજ. પ્રત્યક્ષ કુલ ઘરેલુ ઉત્પાદન (Gro domestic product-GDP)નો વિકાસ દર વર્ષ 2014-15ની તુલનામાં આશરે 0.6-1.1% વધુ રહેવાનો અંદાજ. વર્ષ 2014-15ના

www.crackgpsc.com

નવા અંદાજને આધાર માનતા વર્ષ 2015-16માં બજાર કિંમત પર વિકાસ દર 8.1-8.5% રહેવાની શક્યતા. વડાપ્રધાનના 'મેક ઇન ઇન્ડિયા' ને પ્રાપ્ત કરવા માટે સ્કિલ ઇન્ડિયાના હેતુને પ્રથમ અગ્રતા.

- ઇન્ટરનેશનલ ડેટા કૉર્પોરેશને (International Data Corporation-IDC) ભારતીય સ્માર્ટફોન બજારનો રિપોર્ટ રજૂ કર્યો જેમાં દક્ષિણ કોરિયન હેન્ડસેટ ઉત્પાદક સેમસંગે ભારતીય સ્માર્ટફોન બજારમાં તેનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું.
- સિંગાપુરની સરકારે ગોપીનાથ પિલ્લેઇને આંધ્રપ્રદેશ માટે તેમના ખાસ દૂત નિયુક્ત કર્યા. અનુભવી રાજકીય વ્યૂહરચનાકાર પિલ્લેઇની નિયુક્તિ રાજ્યમાં નવી રાજધાનીની રચનાની પ્રક્રિયાને ઝડપી કરવા માટે કરવામાં આવી છે.
- રશિયાના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન અને હાલના પ્રમુખ રશિયન વિપક્ષી રાજકીય નેતા બોરિસ નેમત્સોવની ગોળી મારી હત્યા કરવામાં આવી.
- ફિલ્મફેર ગ્લેમર સ્ટાઇલ એન્ડ ફેશન દ્વારા બૉલીવુડના અભિનેતા અમિતાભ બચ્ચનને 'ટાઇમલેસ ફેશન આઇકોન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- ન્યાયમૂર્તિ અમિતાવ રૉયે સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા. આ પહેલાં તેઓ ઓરિસ્સા હાઇકૉર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યરત હતા. તેની સાથે જ સુપ્રીમ કૉર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા 29 થઇ ગઈ. સુપ્રીમ કૉર્ટમાં વધુમાં વધુ 31 ન્યાયાધીશોની નિયુક્તિ થઇ શકે છે. ભારતના બંધારણની કલમ 124 મુજબ રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશની નિયુક્તિ કરવામાં આવે છે.
- છત્રપતિ શિવાજી ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (Small Industries Development Bank of India-SIDBI)ના અધ્યક્ષ અને વ્યવસ્થા નિર્દેશક (MD) નિયુક્ત કરવામાં આવ્યા. શિવાજીને ત્રણ વર્ષના સમયગાળા માટે પ્રતિનિયુક્તિ પર નિયુક્ત કરવામાં આવ્યા.
- દિલ્હી રાજ્ય સરકારે નવ સભ્યોના 'દિલ્હી સંવાદ આયોગ' (Delhi Dialouge Commission, ડીડીસી) ની રચનાને મંજૂરી આપી. આમ આદમી પાર્ટીએ 'દિલ્હી સંવાદ આયોગ'ને 'સલાહકાર સમિતિ' નામ આપ્યું. આ આયોગમાં પ્રમુખ સહિત કુલ નવ સભ્યો હશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને 'દિલ્હી સંવાદ આયોગ'ના પ્રમુખ અને આશિષ ખેતાનને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા.
- ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર માર્ટિન ક્રોવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના હૉલ ઑફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા.




www.crackgpsc.com